RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 279* Date: 05.08.2021 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## રેસલર રવિ દહિયાએ સર્જ્યો ઈતિહાસ, ફાઈનલમાં મેળવ્યું સ્થાન



ન્યુ દિલ્હી,તા.૪

ટોક્યો ઓલમ્પિકનો ૧૩મો દિવસ છે. ભારતીય પહેલવાનોએ આજે શાનદાર પ્રદર્શન કર્યું છે. રવિ કુમારે ભારતના ખાતામાં વધુ એક મેડલ પાક્કો કરી નાખ્યો છે અને તેમણે ફાઈનલમાં સ્થાન મેળવી લીધું છે. આ તરફ દીપક પુનિયા પણ થોડા સમયમાં સેમીફાઈનલમાં રમશે. ઉપરાંત મહિલા હોકી ટીમ પણ સેમીફાઈનલમાં મેચ રમવા માટે ઉતરશે.

સ્ટાર ભારતીય બોક્સર લવલીના બોરગોહેને યાદગાર પ્રદર્શન સાથે બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો છે. બુધવારે ૬૯ કિગ્રા વેલ્ટરવેટ કેટેગરીની સેમીફાઈનલમાં લવલીનાને તુર્કીની વર્લ્ડ નંબર-૧ મુક્કેબાજ બુસેનાજ સુરમેનેલીએ ૫-૦થી હરાવી હતી. આ સાથે જ લવલીના બોરગોહેન ઓલમ્પિક મુક્કેબાજી ઈવેન્ટમાં પદક જીતનારી ત્રીજી ભારતીય બોક્સર બની ગઈ છે. લવલીનાએ પહેલા રાઉન્ડમાં આક્રમક થઈને રમવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ તુર્કીની મુક્કાબાજનું પલડું ભારે રહ્યું હતું. આ દરમિયાન લવલીનાએ કેટલાક સોલિડ લેફ્ટ અને રાઈટ અપર કટ માર્યા હતા. જ્યારે સુરમેનેલીએ પણ કેટલાક સોલિડ પંચ માર્યા હતા. પહેલા રાઉન્ડમાં પાંચેય જજે વિપક્ષી મુક્કાબાજને બેહતર માની હતી.

## ભારતીય બોક્સર લવલિના સેમી-ફાઈનલમાં હારી, બ્રોન્ઝથી સંતોષ

ટોક્યો,તા.૪

ઓલિમ્પિક બોક્સિંગની ૬૯ કિલોગ્રામની વેટ કેટેગરીમાં ભારતીય બોક્સર લવલિના સેમી-ફાઈનલ મેચમાં હાલની વર્લ્ડ ચેમ્પિયન તુર્કીના બુસેનાજ સુરમેલી સામે હારી ગઈ છે. લવલિનાની હાર ભલે થઈ ગઈ હોય, પરંતુ તેણે ભારતીય બોક્સિંગમાં નવો ઈતિહાસ લખ્યો છે. તે બ્રોન્ઝ મેડલ લઈને ભારત પરત ફરશે.

જો લવલિના આ મુકાબલો જીતી હોત તો તે ઓલિમ્પિક બોક્સિંગની ફાઈનલમાં પહોંચનારી ભારતની પ્રથમ બોક્સર બનત. તે ભારતીય બોક્સરના બેસ્ટ પર્ફોર્મન્સની પહેલાં જ બરાબરી કરી ચૂકી છે. વિજેંદર સિંહ(૨૦૦૮માં) અને એમસી મેરીકોમ(૨૦૧૨માં) સેમી-ફાઈનલ સુધી પહોંચી ચૂક્યા છે. લવલિના અને બુસેનાજની વચ્ચે અત્યારસુધી કોઈ બાઉટ થઈ નથી. બુધવારે તેમની વચ્ચે પ્રથમ ટક્કર થશે. બુસેનાજે ક્વાર્ટર ફાઈનલમાં યુક્રેનની અન્ના લાઈસેંકોને ૫-૦થી હરાવી હતી. લવલિનાએ ક્વાર્ટર ફાઈનલમાં ચાઈનીઝ તાઈપેની ચિન ચેનને હરાવી હતી. ચેન પણ પૂર્વ વર્લ્ડ ચેમ્પિયન રહી ચૂકી છે. ખાસ વાત એ છે કે લવલિના ઓલિમ્પિક પહેલાં ચેનની સામે ચાર વખત હારી હતી. સેમી-ફાઈનલ બાઉટમાં લવલિનાની પાસે હાઈટ એડવાન્ટેજ છે. લવલિનાની લંબાઈ ૫ ફૂટ, ૯.૭ ઈંચ છે, જ્યારે તુર્કીના બોક્સરની લંબાઈ ૫ ફૂટ, ૬.૯ ઈંચ છે. લંબાઈમાં ૨.૮ ઈંચનો વધારો બોક્સિંગમાં મહત્ત્વની ભૂમિકા નિભાવી શકે છે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૫**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૨૪૯૫૪**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૦**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૨૮**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૮૧૪૬૯૫**

### બ્રોન્ઝ મેડલ માટે બ્રિટન સામે મેચ રમશે

# ઓલિમ્પિકમાં ભારતીય મહિલા હોકી ટીમ સેમીફાઇનલમાં આર્જેન્ટિના સામે ૨-૧થી હારી



ટોક્યો,તા.૪

ટોક્યો ઓલિમ્પિક (Tokyo Olympics) માં ભારતીય મહિલા હોકી ટીમ (Indian Women Hockey Team)ને ૨-૧ થી હાર મળી હતી. બીજી સેમીફાઇનલ મેચ ભારત અને આર્જેન્ટીના વચ્ચે રમાઇ હતી. ભારતીય ટીમે પ્રથમ ક્વાર્ટરમાં ૧-૦ થી લીડ મેળવી હતી જેને, બીજા ક્વાર્ટરમાં આર્જેન્ટીનાએ બરાબરી પર કરી દીધી હતી. જોકે ત્રીજા ક્વાર્ટરમાં આર્જેન્ટીના ૨-૧ થી આગળ થઇ ચુક્યુ હતુ. બંને વચ્ચે સારી ટક્કર જોવા મળી હતી.

ભારતીય ટીમ પણ વળતો પ્રયાસ બરાબરી કરવા પર દમ લગાવી અંતિમ પળ સુધી કર્યો હતો.જોકે ભારતીય ટીમને હજુ પણ બ્રોન્ઝ મેડલ માટે તક મળી શકે છે. ભારત હવે ગ્રેટ બ્રિટન સામે બ્રોન્ઝ મેડલ માટે રમશે. જેમાં ભારતીય મહિલા હોકી ટીમ ફાઇનલ થી ચુકવા છતાં મેડલ પોતાની ઝોળીમાં મેળવી શકે છે. જોકે ભારતીય મહિલા ટીમ ફાઇનલમાં પહોંચવા થી નિરાશ રહી હતી.

મહિલા હોકી ટીમ ટોક્યો ઓલિમ્પિકમાં સેમીફાઇનલમાં પ્રવેશમાં સફળ રહી હતી. ભારતની મહિલા હોકી ટીમ આર્જેન્ટીના સામે મેદાને ઉતરતા પ્રથમ ક્વાર્ટરમાં ગોલ સાથે ભારતે શાનદાર શરુઆત કરી હતી. જોકે બીજા ક્વાર્ટરમાં આર્જેન્ટીનાએ ભારત સાથે બરાબરી કરતો ગોલ કરી દીધો હતો.

સેમીફાઇનલ મેચમાં ભારતીય હોકી ટીમે પ્રથમ ક્વાર્ટર સમાપ્ત થવા સાથે આર્જેન્ટીના સામે ૧-૦ ની લીડ મેળવી હતી. ભારતીય ટીમે મેચ શરુ થવાની બીજી મીનીટમાં જ ગુરજીત કૌરે પેનલ્ટી કોર્નર ને ગોલમાં બદલવામાં સફળ રહી હતી. આ સાથે જ ભારતીય ટીમને લીડ મળી હતી. ત્યાર બાદ ભારતીય મહિલાઓએ સતત આ લીડને જાળવી રાખવા પ્રયાસ કર્યો હતો. ભારતીય મહિલાઓએ પ્રથમ ક્વાર્ટર શાંત રમત અને કોઇ જ ઉતાવળ વિના રમત દર્શાવી હતી. જેના થી આર્જેન્ટીનાના વળતા ગોલ કરવાના પ્રયાસ ને નિષ્ફળ બનાવ્યો હતો. બીજા ક્વાર્ટર દરમ્યાન શરુઆતમાં હરીફને મળેલ પેનલ્ટી કોર્નરને ભારતે બતાવી લીધો હતો. પરંતુ પેનલ્ટી કોર્નર પર આર્જેન્ટીના ૧-૧ ની બરાબરી કરવામાં સફળ રહ્યુ હતુ. આર્જેન્ટીનાની મારીયા નોએલ બારીયાન્યૂઓ એ ગોલ કર્યો હતો. આમ પ્રથમ હાલ્ફ બરાબરી પર રહ્યો હતો. બીજા હાલ્ફની શરુઆતમાં જ આર્જેન્ટીનાએ ૩૬મી મીનીટમાં ભારતીય ટીમ સામે ૨-૧ થી લીડ મેળવી લીધી હતી. આર્જેન્ટીના માટે બીજો ગોલ મારિયા નોએલે કર્યો હતો. આ તેણે બીજો ગોલ કર્યો હતો. તેણે પેનલ્ટી કોર્નર પર આ ગોલ કર્યો હતો. આ સાથે જ ભારતીય મહિલા ટીમ પર દબાણ સર્જાવાની શરુઆત થઇ હતી. ચોથા ક્વાર્ટરમાં પ્રયાસ છતા ભારત સ્કોરને બરાબર કરવામાં સફળ નિવડી શક્યુ નહોતુ. આમ ભારતીય ટીમ ને હરાવીને આર્જેન્ટીના ફાઇનલમાં પહોંચી ચુક્યુ છે.

## દેશમાં કોરોના કેસમાં વધારો, ૨૪ કલાકમાં ૪૨,૬૨૫ નવા સંક્રમિત



ન્યુ દિલ્હી,તા.૪

સળંગ છ દિવસ સુધી કોરોનાના નવા કેસની સંખ્યા ૪૦ને પાર નોંધાયા બાદ ગઈકાલે એક દિવસ માટે ૩૦ હજાર પર આંકડો પહોંચ્યા બાદ આઠમાં દિવસે કોરોનાના નવા કેસ ૪૦ હજારને પાર પહોંચ્યા છે. સાથે જ મૃત્યુઆંક સાડા ૫૦૦ને પાર કરી ગયા છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય અનુસાર, આંકડા પ્રમાણે દેશમાં કોરોનાના નવા ૪૨,૬૨૫ કેસ નોંધાયા છે, જ્યારે ૫૬૨ દર્દીઓના મોત થઈ ગયા છે. ગઈકાલે કોરોનાના નવા કેસ ૩૦,૫૪૯ અને મૃત્યુઆંક ૪૨૨ નોંધાયા હતા. ગઈકાલે નવા કેસ અને સાજા થયેલા દર્દીઓ વચ્ચે ૮ હજારનું અંતર રહેતા એક્ટિવ કેસ ઘટીને ૪.૦૫ લાખની અંદર આવી ગયા હતા. આજે દેશમાં કુલ ૩૬,૬૬૮ દર્દીઓ સાજા થયા છે જેની સાથે કુલ સાજા થયેલા દર્દીઓનો આંકડો વધીને ૩,૦૯,૩૩,૦૨૨ પર પહોંચ્યો છે. દેશમાં કોરોનાના કુલ સંક્રમણની સંખ્યા ૩,૧૭,૬૯,૧૩૨ પર પહોંચી છે. વધુ ૫૬૨નાં મોત થયા કુલ મૃત્યુઆંક ૪,૨૫,૭૫૭ થઈ ગયો છે. ભારતમાં ગઈકાલની સરખામણીમાં આજે નવા કેસમાં ૧૦ હજાર જેટલો વધારો નોંધાયો છે જેની સાથે એક્ટિવ કેસ વધીને ૪.૧૦ લાખને પાર કરીને ૪,૧૦,૩૫૩ પર પહોંચ્યા છે. પાછલા ૨૪ કલાકમાં દેશમાં ૬૨,૫૨,૭૪૧ લોકોનું વેક્સિનેશન કરાયું છે, જેની સાથે કુલ વેક્સિનેશનનો આંકડો ૪૮,૫૨,૮૬,૫૭૦ થઈ ગયો છે.

નોંધનીય છે કે ભારતમાં ૧૬ જાન્યુઆરીએ રસીકરણ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આઈસીએમઆર મુજબ, ભારતમાં કોરોનાની તપાસ માટે ગઈકાલ સુધીમાં એટલે કે ૩ ઓગસ્ટ સુધીમાં કુલ ૪૭,૩૧,૪૨,૩૦૭ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાંથી ૩ ઓગસ્ટના રોજ વધુ ૧૮,૪૭,૫૧૮ સેમ્પલ લેવામાં આવ્યા હતા.

## ભારત માટે ટેન્શન, ચીને પાકિસ્તાન માટે ઘાતક યુધ્ધ જહાજનુ નિર્માણ કર્યુ

ન્યુ દિલ્હી,તા.૪

પાકિસ્તાનના ખાસ મિત્ર ગણાતા ચીને હિન્દ મહાસાગરમાં પાકિસ્તાનને વધારે મજબૂત બનાવવા પાક નેવી માટે એક અત્યાધુનિક યુધ્ધ જહાજનુ નિર્માણ કર્યુ છે.

શાંઘાઈના શિપયાર્ડમાં શિપને લોન્ચ કરવામાં આવ્યુ હતુ.પાકિસ્તાની મીડિયાનો દાવો છે કે, આ નવુ જહાજ પાક નેવીમાં સામેલ સૌથી અત્યાધુનિક જહાજો પૈકીનુ એક છે.

જેમાં અત્યાધુનિક સરફેર, સબ સરફેસ અને એન્ટી એર વેપન સિસ્ટમ લગાવવામાં આવી છે.ઉપરાંત ઈલેક્ટ્રોનિક વોરફેર માટે તેમજ જમીન તથા આકાશમાં નજર રાખવા માટેના ઉપકરણો અને સેન્સર લગાવવામાં આવશે. આ જહાજ સામેલ થયા બાદ પાક નેવીની ક્ષમતામાં વધારો થશે.

ચીન પાકિસ્તાનમાં ઈકોનોમિક કોરિડોર પણ બનાવી રહ્યુ છે.જે ચીનના મહત્વકાંક્ષી વન બેલ્ટ એન્ડ રોડ યોજનાનો મહત્વનો હિસ્સો છે. ઉપરાંત ચીન અને પાકિસ્તાન વચ્ચે ઘાતક હથિયારો માટેની ડીલ પણ થઈ રહી છે. જે ભારત માટે ખતરાની ઘંટડી છે.

ચીન સાથે પાકિસ્તાને હથિયારો માટે સાત અબજ ડોલરની ડીલ તાજેતરમાં કરી હતી. ચીન પાકિસ્તાનને આઠ સબમરિન પણ આપવાનુ છે. આ પૈકીના ચાર સબમરિન પાકિસ્તાનને ૨૦૨૩માં મળી જશે. જેમાં એર ઈન્ડિપેન્ડન્ટ પ્રપલ્શન સિસ્ટમના કારણે ઓછો અવાજ થાય છે અને પાણી નીચે તેનો પતો લગાવવા મુશ્કેલ બને છે.

## દિલ્હીમાં ૯ વર્ષની બાળકી સાથે સ્મશાનમાં દુષ્કર્મ

ન્યુ દિલ્હી,તા.૪

દિલ્હીમાં ૯ વર્ષની દલિત બાળકી સાથે રેપ અને હત્યાના મામલામાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ બુધવારે પીડિત પરિવારની મુલાકાત કરી છે. આ મુલાકાત પછી રાહુલે કહ્યું કે પીડિતા પરિવાર ન્યાય ઈચ્છે છે, તેમને બીજુ કઈ જોઈતુ નથી. પીડિત પરિવારનું કહેવું છે કે તેમની સાથે ન્યાય થઈ રહ્યો નથી, આ કારણે તેમને મદદની જરૂરિયાત છે. રાહુલ ગાંધીએ કહ્યું કે ન્યાય મળવા સુધી અમે તેમની સાથે ઉભા રહીશું.

## ભારત સહિત ૬ દેશોના નાગરિકોને આજથી યુએઈમાં પ્રવેશની મંજૂરી

દુબઈ તા.૪

યુએઈ અધિકારીઓએ જાહેરાત કરી હતી કે ભારત અને નેપાળ સહિત છ દેશોના નાગરિકોને ૫ ઓગસ્ટથી યુએઈ માં પ્રવેશની મંજૂરી આપવામાં આવશે, તેમજ આરોગ્ય કર્મચારીઓને પણ યુએઈ પરત ફરવાની મંજૂરી આપવામાં આવશે. યુએઈની નેશનલ ઈમરજન્સી ક્રાઈસીસ એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (એનસીઈએમએ) અને જનરલ સિવિલ એવિએશન ઓથોરિટીના નિર્દેશો પાકિસ્તાન, શ્રીલંકા, નાઈજીરીયા અને યુગાન્ડાના નાગરિકોને પણ લાગુ પડશે.

મુસાફરીની મંજૂરી મેળવવા માટે, પ્રવાસીઓએ ફેડરલ ઓથોરિટીની વેબસાઈટ પર જઈને ઓનલાઈન અરજી કરવી પડશે. રસીકરણ પ્રમાણપત્ર ઉપરાંત, મુસાફરોની ૪૮ કલાકની અંદર નેગેટિવ પીસીઆર રિપોર્ટ હોવો જોઈએ. પ્લેનમાં ચડતા પહેલા લેબ ટેસ્ટ કરવામાં આવશે અને યુએઈમાં પ્રવેશતા પહેલા પીસીઆર ટેસ્ટ પણ કરવામાં આવશે. આ પછી તેમને હોમ ક્વોરેન્ટાઇનમાં રાખવામાં આવશે.

ભારત યુએઈ સહિત જીસીસી (ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ) દેશો પર દબાણ કરી રહ્યું છે કે તેઓ ભારતીય વ્યાવસાયિકો અને અન્ય કામદારોને કોવિડ -૧૯ સંબંધિત મુસાફરી પ્રતિબંધોને હળવા કરવા અને શક્ય તેટલી વહેલી તકે તેમની નોકરી પર પાછા ફરવાની મંજૂરી આપે. કેટલાક અહેવાલો અનુમાન લગાવી રહ્યા છે કે યુએઈ પ્રતિબંધો ઓગસ્ટ સુધી લંબાવી શકે છે. માત્ર સંયુક્ત આરબ અમીરાતમાં ૩.૪૨ મિલિયન ભારતીયો વસવાટ કરે છે, જે પશ્ચિમ એશિયામાં સૌથી વધુ પ્રવાસીઓની સંખ્યામાંની એક છે.

**ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ**

સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે,એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.

BM MAGIC WATERPROOFING

9624163945(M)

8690089211(W)

● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.

● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.

કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.

ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.

માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

## તંત્રી સ્થાનેથી...

# ચીન- પાકને ઠેકાણે લાવવા ભારતનો "પોક" પર કબજો કરવો અનિવાર્ય.....!

*દેશની સરહદ પર ચીન અને પાકિસ્તાન વિવિધ પ્રકારે ઉબાડીયા કરી રહ્યા છે. ચીને ભારતના કેટલાક વિસ્તારોમાં પગદંડો જમાવી દીધો છે તો પાકિસ્તાને આતંકવાદીઓ દ્વારા કાશ્મીરમાં તેમજ સરહદી વિસ્તારોમાં હુમલાઓ કરાવી રહ્યું છે. ચીનના ખીલા પર કૂદી રહેલા પાકિસ્તાને ડ્રોનના ઉપયોગ થકી કાશ્મીરમા ભોમા છુપાયેલા આતંકીઓને હથિયારો પહોંચાડે છે જેને કારણે લશ્કર અને પોલીસને સતત બાદ નજર રાખવી પડે છે. ચીન ભારતને ઘેરવા ભારતના પડોશી દેશો સાથે વિવિધ રીતો અપનાવી પોતાની જાળમાં ફસાવી રહ્યુ છે....જેમાં પાકિસ્તાન તો સંપૂર્ણપણે ફસાઈ ગયુ છે. તો નેપાળ પણ એ જ રસ્તા પર છે. જ્યારે કે શ્રીલંકાનું અગત્યના બંદર પર ચીનનો કબજો થઈ ગયો છે તેમ કહીએ તો અતિશયોક્તિ નથી.આ બધામા પડોશી દેશોમાં બાંગ્લા દેશ હોશિયાર કે જે ચીનની વ્યુહ રચનામા ફસાયુ નથી. આ બધી ઘટમાળ વચ્ચે "વસુધૈવ કુટુમ્બકમ" ની ભાવના ધરાવતુ ભારત પડોશી દેશો સાથે ધૈર્ય જાળવી રાખે છે અને વાટાઘાટો કરી છે તે પ્રશ્નોનો નિકાલ કરવા પ્રયત્નો કરતું રહે છે. જ્યારે કે ચુન અને પાકિસ્તાન ભારતની ભાવનાને સમજી શક્યા નથી કે પછી સમજવા તૈયાર નથી.....! પાક. સરહદો પર નાપાક ઉબાડીયા કરતું રહે છે અને ચીન ભારતના વિસ્તારોમાં ઘુસણખોરી કરી જમાવડો કરે છે. પાકિસ્તાન ભારતના પોક વિસ્તારમાં ચીનને બંધ બાંધવા મંજૂરી આપી છે. તેમજ પોકના જિલ્લાઓમા ચૂંટણીઓ યોજવાની પ્રક્રિયાનો પ્રારંભ કર્યો છે. જોકે ભારતે તેનો સખ્ત વિરોધ કર્યો છે તેમજ પોક વિસ્તારના ખડતલ નાગરિકોનો ભારે વિરોધ અને રસ્તા પર ઉતરી આવવા છતાં પાકે. ચૂંટણીઓ યોજવા પ્રક્રિયા હાથ ધરી છે પરંતુ આ તો ચીનને ખીલે કુદતુ પાકિસ્તાન છે. જોકે તમામ બાબતોનો ઉકેલ છે..... જેમાં ભારત એનકેન પ્રકારે પાક.ના કબજામાં રહેલા પોક વિસ્તારનો કબજો કરી લે...... અને જો ભારત કબજો કરીલે તો પાકિસ્તાન સાથે ચુનને ભારે પડી જાય. પરંતુ ભારત આ માટે કોઈ આકરા પગલા લેશે કે કેમ તે મોટો સવાલ છે......!*

*ભારત સ્વતંત્ર થયા પછી મોટી તકલીફ એ રહી છે કે દેશના નેતાઓએ જમ્મુ-કાશ્મીરનોજ ઉલ્લેખ કર્યો છે પરંતુ એક પણ સરકારે "પોક" નો ઉલ્લેખ કર્યો જ નથી કે તેના વિશે એક હરફ સુદ્ધા ઉચ્ચાર્યો નથી. ભારતનો પાકિસ્તાનના કબજામાં રહે પોક વિસ્તાર ૭૯ હજાર કિલોમીટરનુ ક્ષેત્રફળ ધરાવે છે. અને તેની ગીલગીટ પાકિસ્તાન તરીકેની ઓળખ છે. અહીં એક એકથી ચડીયાતી ૧૦ વેલી આવેલી છે. જેમાં સૌથી સુંદર સ્વર્ગ સમાન વેલી એટલે "હુંજા" વેલી છે. જેમાં કુદરતે ઠાંસીઠાંસીને સૌંદર્ય ભરેલુ છે. આ પોક વિસ્તાર ૭ જિલ્લામાં વહેંચાયેલો છે. અહીં પુષ્કળ પ્રમાણમાં યુરેનિયમ મળે છે કે જેની દરેક દેશોને જરૂર છે.... અને તેમાં પણ ભારતને તેની વધુ જરૂર છે. તો પાકિસ્તાને પોકનો કેટલોક વિસ્તાર કે જે સિયાચીન સાથે છે તે ચીનને ચરણે ધરી દીધો છે. પોક વિસ્તિરથી ખૂબ વિસ્તારથી પાંચ જેટલા દેશો સાથે નજીકનો સીધો સંપર્ક જળવાઇ રહે તેમ છે. આવા સમયે ચીન પોક વિસ્તારમાં બંધ બાંધી રહ્યું છે. તો પાકિસ્તાન ચૂંટણીઓ યોજવાની પ્રક્રિયા કરી રહ્યું છે. ત્યારે ભારતે એ વિચારવાની જરૂર છે કે પાકિસ્તાન માટે કામધેનુ કહેવાય તે પોક વિસ્તાર પર ભારત કેવી રીતે કબજો કરી શકે.....? અને જો ભારત કબજો કરી લે તો પાકિસ્તાન અને ચીન એમ બંનેને ભારત ભારે પડી શકે છે. પરંતુ ભારતે હવે પોક શબ્દનો ઉપયોગ વધુ કરવો જરૂરી છે. કારણ કે ચીનની પ્રદેશો પચાવી પાડવાની ચાલ અને પાકિસ્તાન જેવા નાપાક દોસ્તો કે જે પોતાના દેશનું કે પ્રજાહિત વિચારવાની શક્તિ ધરાવતા નથી..... ! ત્યારે ભારતે હવે ખંધા ચીનની જેમ ચાલ ચાલી "પોક" વિસ્તાર? ઉપર કબજો કરવો પડશે.....અને તે અનિવાર્ય છે.....! વંદે માતરમ*

# ગ્વાલિયર-ચંબલમાં પૂરથી સ્થિતિ બની બેકાબૂ, ૫૮૦૦ લોકોનું રેસ્ક્યૂ કરાયું





ન્યુ દિલ્હી,તા.૪

મધ્યપ્રદેશના ગ્વાલિયર-ચંબલમાં પૂરથી સ્થિતિ બેકાબૂ બની છે. અત્યારસુધી ૭ લોકોનાં મોતની પુષ્ટિ થઈ છે, ૨૫ લોકો ગુમ છે, જેમની શોધખોળ રેસ્ક્યૂ ટીમ કરી રહી છે. નદી કિનારામાં ફસાયેલાં ગામોથી ૧૯૦૦ લોકોને બચાવવામાં આવ્યા છે. દતિયામાં મોટી વસતિવાળા વિસ્તારોને પૂરના ભયના કારણે ખાલી કરવામાં આવ્યા છે. શિવપુરીનાં ૧૦૦થી વધુ ગામો ખાલી કરાવવામાં આવ્યાં છે. મંત્રી મહેન્દ્ર સિંહ સિસોદિયાનું કહેવું છે કે આશરે ૨ હજાર લોકો શિવપુરીમાં ફસાયેલા છે. શિવપુરી પૂરનું કેન્દ્ર બનેલું છે.

ગ્વાલિયર-ચંબલમાં ૨૦૦૦થી વધુ લોકો સરકાર પાસે મદદની આશા લગાવી બેઠા છે. મંગળવારે રાત્રિથી જ સેનાનાં ૪ અલગ-અલગ દળોએ મોરચો સંભાળી લીધો છે. સીએમએ પણ કહ્યું હતું કે સંકટ ઘણું મોટું છે અને અમે સેનાની મદદ લઈ રહ્યા છે. જણાવી દઈએ કે સીએમ ચંબલ ક્ષેત્રમાં આકાશી સર્વે પણ કરવાના છે. ગ્વાલિયર એરપોર્ટથી હેલિકોપ્ટરથી તેઓ શ્યોપુર-શિવપુરીમાં સર્વે કરશે. નરેન્દ્ર મોદીએ ૨ વાર મુખ્યમંત્રી સાથે ચર્ચા કરી છે.

એક સપ્તાહમાં સતત વરસાદ અને ડેમ ઓવરફ્લોથી નદીઓમાં છોડાયેલા પાણીથી ગ્વાલિયર-ચંબલમાં સ્થિતિ બેકાબૂ બની છે. સૌથી વધુ શિવપુરી, શ્યોપુર, દતિયા અને ગ્વાલિયર જિલ્લા પ્રભાવિત થયા છે. શિવપુરીના કરેરા, પોહરી વિધાનસભાના ૧૦૦થી વધુ ગામ પૂરની ઝપેટમાં છે. ગ્વાલિયરના શિવપુરી નજીક ભિતરવાર અને મોહનામાં પણ સ્થિતિ ખરાબ છે. સિંધ, પાર્વતી, કૂનો, નોન નદીઓના કિનારે વસેલાં ગામો પાણીમાં ડૂબી ગયાં છે.

રાહતની આશા વચ્ચે હજી પણ ૧૬૦૦થી વધુ લોકો ફસાયેલા છે. પાણીના કારણે ગામો ખાલી કરાવવામાં આવ્યાં છે. અહીં ચાર લોકોનાં મોતની પુષ્ટિ થઈ છે. લગભગ ૨૫ લોકો ગુમ છે, જેમની શોધ હજુ બાકી છે. ઘણાં ગામો ડૂબી ગયાં છે. મેરેજ ગાર્ડન, સરકારી શાળાઓ જેવાં સલામત સ્થળોએ રાહત શિબિરો ગોઠવીને લોકોને મદદ કરવામાં આવી રહી છે. સૌથી ખરાબ પરિસ્થિતિ શિવપુરીમાં છે. મુખ્યમંત્રી શિવરાજ સિંહ અહીંની સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યા છે. મંગળવારે-બુધવારે રાત્રે મુખ્યમંત્રી ચાર શહેરોના કલેક્ટરો, વિભાગીય કમિશનરો અને આઈજી સાથે ક્ષણે ક્ષણિક અપડેટ્સ લેવા માટે સતત ચર્ચા કરી રહ્યા છે.

શ્યોપુરમાં ૪ દિવસથી વરસાદ રોકાવાનું નામ નથી લઈ રહ્યો. બાંલદાનાળામાં પૂર આવવાથી શ્યોપુર શહેરનો સંપર્ક તૂટી ગયો છે. સીપ નદીમાં પૂર પછી સોઈકલા, માનપુર, સવાઈ માધૌપુર, રૂટથી પણ સંપર્ક તૂટી ગયો છે. ક્વારી નદીના કિનારે ઈકલૌદ ગામમાં ફસાયેલા ૯ લોકોને અને નજીકના એક અન્ય ગામમાં ફસાયેલા ૨૫ લોકોને પ્રશાસને બહાર કાઢ્યા છે. રઘુનાથ પૂરમાં તળાવમાં પાણી ભરાતાં ૩ ગામ જળમગ્ન થઈ ગયાં છે અને ત્યાંના ૧૫૦ લોકોને પ્રશાસને તાત્કાલિક સુરક્ષિત સ્થાન પર ખસેડી ગામ ખાલી કરાવવામાં આવ્યું છે.

અહી સિંધ નદીમાં આવેલા પૂરને કારણે તબાહી મચેલી છે. ગોરાઘાટ પાસે સિંધ નદી પર બનેલો લાંચનો પુલ તણાઈ ગયો છે. અહી આશરે ૧૮ ફૂટ પાણી ભરાઈ ગયું છે. આ જ રીતે રતનગઢ મંદિર પાસે પુલનું પાણી ભરાઈ ગયું છે. આશરે ૫૦ ગામોના લોકો ફસાયેલા છે. જિલ્લાના સૌથી મોટા શહેર સેંવઢાને ખાલી કરાવવામાં આવી રહ્યું છે.

# હવામાન વિભાગની આગાહી, રાજ્યમાં બે દિવસ બાદ વરસાદના એંધાણ

અમદાવાદ,તા.૪

રાજ્યમાં છેલ્લા બે દિવસથી વરસાદી માહોલ છવાયેલો છે, પરંતુ વરસાદ મન મુકીને વરસી રહ્યો નથી. રાજ્યના કેટલાંક વિસ્તારોમાં ઝરમર, છૂટોછવાયો અને ઓછો વરસાદ જોવા મળી રહ્યો છે. લોકો વરસાદની આશા રાખીને બેઠા છે. સૌને સવાલ થાય છે કે વરસાદ ક્યારે આવશે? ત્યારે હવામાન વિભાગે રાજ્યમાં વરસાદની આગાહી કરતા કહ્યું, હાલ કોઈ વરસાદી સિસ્ટમ સક્રિય નથી. બે દિવસ બાદ રાજ્યમાં વરસાદ આવી શકે છે.

હવામાન વિભાગે આગાહી કરતા કહ્યું કે, આગામી ચોવીસ કલાકમાં રાજ્યમાં છૂટોછવાયો વરસાદ પડી શકે છે. બુધવારે વરસાદમાં ઘટાડો જોવા મળી શકે છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર પંથકમાં વરસાદની અસર ઓછી જોવા મળી શકે છે. રાજ્યમાં ધોધમાર વરસાદ પડે એવી કોઈ સિસ્ટમ હાલ સક્રિય નથી. મહત્વનું છે કે, રાજ્યમાં હજુ પણ ૩૬ ટકા વરસાદની ઘટ છે.

હવામાન વિભાગે આગાહી કરી છે કે, બે દિવસ બાદ રાજ્યમાં સારો વરસાદ વરસી શકે છે. સાથે જ માછીમારોને આગામી ત્રણ દિવસ સુધી દરિયો ન ખેડવા માટે પણ સૂચના આપી દેવામાં આવી છે. મહત્વનું છે કે, રાજ્યમાં અત્યાર સુધીમાં ૩૫.૮૪ ટકા વરસાદ જ પડ્યો છે. રાજ્યમાં હજુ સિઝનનો માત્ર ૩૬ ટકા જ વરસાદ વરસ્યો છે, જે ગયા વર્ષની સરખામણીએ સાત ટકા ઓછો છે.

ઉત્તર ગુજરાતમાં ૩૦.૯૮ ટકા, મધ્ય-પૂર્વ ગુજરાતમાં ૩૩.૯૩ ટકા, સૌરાષ્ટ્રમાં ૩૩.૫૫ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૩૫.૮૪ ટકા વરસાદ નોંધાયો છે. જો કે, બે દિવસ બાદ વાતાવરણમાં પલટો આવી શકે છે. બે દિવસ બાદ રાજ્યમાં સારા વરસાદની આશા સેવવામાં આવી છે.

# 'નારી ગૌરવ દિવસ'ના વિરોધમાં અમિત ચાવડાની આગેવાનીમાં કોંગ્રેસનું પ્રદર્શન

રાજકોટ,તા.૪

ગુજરાતમાં રૂપાણી સરકારના ૫ વર્ષ પૂરા થવા પર રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યાં છે, જે અંતર્ગત આજે ભાજપ દ્વારા "નારી ગૌરવ દિવસ"ની ઉજવણી કરવામાં આવી રહી છે. ભાજપની ઉજવણીની સમાંતર આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ દ્વારા પણ સરકાર વિરોધી કાર્યક્રમ યોજાઈ રહ્યાં છે.

જેમાં આજે મુખ્યમંત્રીના હોમ ટાઉન રાજકોટમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અમિત ચાવડાની આગેવાનીમાં કોંગ્રેસ દ્વારા મહિલા સુરક્ષા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજકોટમાં કોંગ્રેસના નેતાઓ અને મહિલા આગેવાનો દ્વારા મહિલા સુરક્ષાના નામે ભાજપ સરકાર પર જુઠ્ઠાણા ફેલાવવાનો આરોપ લગાવવા ઉપરાંત સરકારના "નારી ગૌરવ દિવસ"ના વિરોધમાં સુત્રોચાર સાથે રેલી યોજી દેખાવો કરવામાં આવ્યા હતા. જેમાં પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખ ગાયત્રીબા વાઘેલા, શહેર મહિલા પ્રમુખ મનીષાબા વાળા, વિપક્ષ નેતા ભાનુબેન સોરાણી, કોંગ્રેસના મહિલા કોર્પોરેટરો, પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા ઉપરાંત પૂર્વ વિપક્ષી નેતા વશરામભાઈ સાગઠિયા, અર્જુનભાઈ ખાટરિયા, સહિતનાં આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યાં હતા.

આ તકે કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ રાજ્યની રૂપાણી સરકાર પર સંગીન આક્ષેપ કરતાં જણાવ્યું કે, ગુજરાતમાં બેન-દીકરીઓ સલામત નથી. બીજી તરફ પોલીસ દ્વારા મંજૂરી વિના વિરોધ કરી રહેલા કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા સહિત કોંગ્રેસના આગેવાનોની અટકાયત કરવામાં આવી હતી.

તાપીમાં પોલીસ અને કોંગ્રેસ કાર્યકર્તાઓ વચ્ચે ઘર્ષણ

આજ રીતે તાપીના ઉચ્છલમાં પરેશ ધાનામીની આગેવાનીમાં કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં પરેશ ધાનાણી સહિતના કોંગ્રેસ કાર્યકર્તાઓ બેનરો સાથે સુત્રોચાર કરતા નીકળ્યા હતા. જે બાદ તાપી પોલીસે પરેશ ધાનાણી સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકર્તાઓને ડિટેઈન કર્યા હતા. આ દરમિયાન પોલીસ અને કોંગ્રેસ કાર્યકર્તાઓ વચ્ચે ધક્કામૂક્કીના દ્રશ્યો સર્જાયા હતા.

આમ આદમી પાર્ટી ગુજરાત દ્વારા ભાજપના સમાંતર "નારી વિરોધી ભાજપ" કાર્યક્રમ યોજવામાં આવી રહ્યો છે.

# ગજેરા સ્કૂલ મામલે જવાબદાર અધિકારીઓ પર કાર્યવાહી કરાશે- રૂપાણી

ગાંધીનગર,તા.૪

ગુજરાત સરકારે ધોરણ ૯ થી ૧૨ નું ઓફલાઈન શિક્ષણ શરૂ કરી દેવાયુ છે. પરંત હજુ સુધી ધોરણ ૬ થી ૮ ના ઓફલાઈન વર્ગો શરૂ કરવા અંગે હજી સુધી કોઈ નિર્ણય લેવાયો નથી. ત્યારે સુરતની ગજેરાના સ્કૂલના સંચાલકો સરકારના નિયમોને ઘોળીને પી ગયા છે. સરકારની પરમિશન વગર જ ગજેરા સ્કૂલમાં ધોરણ ૬ થી ૮ ના વર્ગો શરૂ કરી દેવામાં આવ્યા છે. કોરોનાકાળમાં વિદ્યાર્થીઓના આરોગ્ય સાથે ચેડા કરીને તેમને શાળાએ બોલાવવામાં આવ્યા છે. આ મામલે કોંગ્રેસના આરોપ પર મુખ્યમંત્રી રૂપાણીએ પલટવાર કર્યો છે.

બીજી તરફ રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પણ ગજેરા સ્કૂલના સંચાલકોની મનમાની મુદ્દે મોટું નિવેદન આપ્યુ છે. ઝસ રૂપાણીએ જણાવ્યું કે, કોઈપણ વ્યક્તિ કોવિડ ગાઈડલાઈન્સનો ભંગ ના કરી શકે. ગજેરા સ્કૂલ કેસમાં પણ જવાબદાર અધિકારીઓ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે. ગુજરાતમાં કોરોનાના કેસો ધીમે-ધીમે ઘટી રહ્યાં છે, ત્યારે જો પોઝિટિવ કેસો વધશે તો ફરીથી નિયંત્રણો લગાવવામાં આવી શકે છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અમિત ચાવડાએ ગજેરા સ્કૂલના સંચાલકોની મનમાની મુદ્દે રાજ્ય સરકારને આડેહાથ લીધી છે. અમિત ચાવડાએ સરકારની નીતિ પર સવાલ ઉઠાવતા જણાવ્યું કે, સરકારની બેવડી નીતિઓના કારણે કોરોના ફેલાઈ રહ્યો છે. ભાજપના મળતિયાઓ માટે અલગ કાયદા હોય તેવું લાગી રહ્યું છે. સરકારની નીતિ અને નિયતમાં જ ખોટ છે.

ઉલ્લેખનીય છે કે, સુરતના કતારગામ વિસ્તારમાં આવેલી ગજેરા સ્કૂલે સરકારની પરમિશન વિના વિદ્યાર્થીઓના ઓફલાઈન વર્ગો શરૂ કર્યા હોવાનું સામે આવ્યું હતું. આટલું જ નહીં, ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓને વર્ગમાં બેસાડવામાં સોશિયલ ડિસ્ટન્સના નિયમોનું પણ પાલન કરવામાં આવ્યું નહતું.

## મહિલા સ્વાવલંબનથી ગુજરાત ઉત્તમથી સર્વોત્તમ, સમૃદ્ધ બન્યું છે- ગણપતસિંહ વસાવા

# અમદાવાદ ટાગોર હોલમાં વનમંત્રી શ્રી ગણપતભાઈ વસાવાની અધ્યક્ષતામાંનારી ગૌરવ દિવસ કાર્યક્રમ યોજાયો



રાજયના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વના પાંચ વર્ષ પૂર્ણ થયા છે. તે નિમિત્તે ×નારી ગૌરવ દિન " સંદર્ભે વિવિધ કાર્યક્રમોનું આયોજન અમદાવાદ જિલ્લામાં ગ્રામ્ય અને શહેરી કક્ષાએ કરવામાં આવ્યું હતું.

અમદાવાદ શહેરમાં પાલડી ખાતેના ટાઉનહોલમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આયોજિત અને અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા સંચાલિત ગ્રામ વિકાસ વિભાગ અને શહેરી વિકાસ વિભાગના સંયુકત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમા વનમંત્રી શ્રી ગણપતભાઇ વસાવાની અધ્યક્ષતામાં નારી દિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં અમદાવાદ શહેર વિસ્તારના ૧૦ જેટલા વિવિધ મહિલાલક્ષી જૂથોને ×મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના× અંતર્ગત રૂ. એક લાખના બેંક લોનના ચેક વિતરણના લાભોથી લાભાન્વિત કરવામાં આવ્યા. આ પ્રસંગે મંત્રી શ્રી ગણપતભાઇ વસાવાએ જણાવ્યું હતું કે ''ગુજરાતની સંવેદનશીલ સરકારે નારી કલ્યાણ અને નારી ગૌરવ માટે અનેકવિધ પગલા ભર્યા છે. જેના પરિણામ સ્વરૂપ જ આજે ગુજરાતની મહિલાઓનો સર્વાંગી વિકાસ થઇ રહ્યો છે.રાજયની મહિલાઓને વધું સશક્ત બનાવવાના શુભ આશયથી નારી ગૌરવ દિવસે સન્માન કરવામાં આવી રહ્યું છે.

સશક્ત નારી એ તંદુરસ્ત સમાજનું પ્રતિબિંબ છે તેમ જણાવતા મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું કે ગુજરાતમાં બહેનોનું આર્થિક સશક્તિકરણ થાય તે દિશામાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અવિરત કાર્ય કરી રહ્યા છે અને તેથી ''મુખ્યમંત્રીશ્રી મહિલા ઉત્કર્ષ યોજના ''હેઠળ અનેક મહિલા જુથોને આજે રૂપિયા એક લાખનો બેંક લોનનો ચેક મળ્યો છે તે તમામ બહેનો હવે પગભર થવાની દિશામાં ડગ માંડી રહી છે. જ્યાં નારીની પૂજા થાય છે ત્યાં દેવતાઓનો વાસ થાય છે. અગાઉના વર્ષોમા મહિલાઓ માટેના કોઇ અલગ વિભાગની રચના નહોતી કરવામા આવી, પરંતુ દીધર્દ્રષ્ટા અને દૂરંદેશી વિચારધારાનો અમલ કરતા તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના શાસન કાળમાં મહિલાઓ માટેના અલાયદા વિભાગની રચના થઈ અને સ્પેશિયલ બજેટ પણ ફાળવવામાં આવ્યું. અને ત્યારથી મહિલાઓ માટેની અનેક કલ્યાણકારી યોજનાઓને વેગ મળ્યો છે.

શાસનની ધુરા સંભાળવા માટે પણ હવે બહેનોને ગ્રામ પંચાયત, તાલુકા અને જિલ્લા પંચાયતમાં વિશેષ સ્થાન મળવા લાગ્યું છે તેમ મંત્રીશ્રી એ વધુમાં ઉમેરતા કહ્યું કે આજે બહેનો, દીકરીઓ દરેક ક્ષેત્રોમાં પુરુષો સાથે કદમથી કદમ મીલાવીને કાર્ય કરી રહી છે. દેશની પ્રગતિમાં નારીનું યોગદાન આજે વિશ્વ કક્ષાએ ઝળહળી રહ્યુ છે જેનું તાજુ ઉદાહરણ મીરાબાઇ ચાનુ, પી.વી.સિંધુ અને ટોકયો ઓલમ્પિકમાં ભાગ લેવા ગયેલી અનેક બહેનો છે.

મંત્રીશ્રી એ વધુમાં જણાવ્યું હતું કે સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની સરકારમાં મહિલાઓ માટે અનેક યોજનાઓનો અમલ થઈ રહ્યો છે. ગુજરાતના વિકાસના પાયામાં બહેનોનું યોગદાન મહત્વનું છે. અમદાવાદ શહેરમા મહાનગરપાલિકા દ્વારા ૧૧,૪૨૭ જેટલા મહિલા જુથોની રચના કરાવીને ૪૫૦૦ બહેનોને ૯ કરોડ કરતા વધુ રકમની બેંક લોન મંજુર થતા સમગ્ર રાજયમાં અમદાવાદ મહાનગરપાલિકા પ્રથમ ક્રમે આવે છે તે માટે મંત્રીશ્રી ગણપતભાઇ વસાવાએ અધિકારીશ્રીઓને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.

અમદાવાદના મેયરશ્રી કિરીટકુમાર પરમારે પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે ''પ્રગતિશીલ સરકારનુ આત્મનિર્ભર ભારત બનવા જઈ રહ્યું છે ત્યારે મહિલાઓએઓટોથી લઈને એરક્રાફટ, ટ્રેનથી લઈને પાયલટ સુધીની કમાન જવબાદારીપૂર્વક સંભાળી લીધી છે. જ્યારે કોઈપણ નારીનું સામર્થ્ય ઝળકે છે ત્યારે એક આખો પરિવાર ઝળહળે છે. અમદાવાદ શહેરમા ૯૮૨ કરતા વધારે સ્વ સહાય જુથોમા જોડાઈને અનેક મહિલાઓઆત્મનિર્ભર બનવા માટે નાણાંકીય બચત કરીનેસક્ષમ અને સ્વાવલંબી જીવન જીવી રહી છે.તેમાં મહિલાલક્ષી જુથોની કામગીરીનો વિશેષ નોંધપાત્ર ફાળો રહેલો છે.

અમદાવાદ યુ.સી.ડીના ડાયરેકટરશ્રી જયંતિભાઇ કુકડિયાએ મહિલા અને બાળ કલ્યાણ વિભાગની યોજનાઓની માહિતી આપી હતી.

મહિલા ઉત્કર્ષ યોજના હેઠળ સમાવિષ્ઠ અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા ૧૦ જેટલ મહિલા સ્વસહાય જુથોને મંત્રીશ્રીના વરદ હસ્તે બેંકના લોનનો ચેક આપવામાં આવ્યો હતો.

આ પ્રસંગે અમદાવાદ મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયરશ્રી ગીતાબેન પટેલ, એલીસબ્રીજ ધારાસભ્યશ્રી, પૂર્વ મેયરશ્રીઓ, ઔડાના પૂર્વ ચેરમેનશ્રી, મહિલા અને બાળ વિકાસ કલ્યાણ કમિટીના ચેરમેનશ્રી મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અમલીકરણ સમિતીના સભ્યશ્રી, અધિકારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ અને મહિલા જુથોના બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

- મનીષા પ્રધાન

## અમદાવાદ બસ સ્ટેન્ડ-રેલ્વે સ્ટેશન રામ ભરોસે

# બહારથી આવતા મુસાફરોનું નથી થઈ રહ્યું કોરોના ટેસ્ટીંગ

અમદાવાદ,તા.૪

કેરળ સહિત અન્ય કેટલાક રાજ્યમાં કોરોનાના કેસો ફરી વધ્યા છે. કેન્દ્ર સરકારે પણ ચેતવણી આપી છે કે કોરોનાની બીજી લહેર હજી પૂરી થઇ નથી. ગુજરાતમાં હાલ કોરોના નિયંત્રણમાં છે, પણ ગુજરાતમાં પણ આ રાજ્યોની જેમ કોરોનાના કેસો બંધ વધી શકે છે. કારણ કે ગીતા મંદિર બસ સ્ટેન્ડ અને કાલુપુર રેલ્વે સ્ટેશન પર બહારથી આવતા મુસાફરોનું કોરોના ટેસ્ટીંગ બંધ છે.

આ વાત કહેવામાં કોઈ અતિશયોક્તિ નહિ લાગે કે બીજી લહેર માંથી તંત્ર કોઈ શીખ લઈ શક્યું નથી. કેમ કે કેરળ, તમિલનાડુ અને મહારાષ્ટ્ર સહિત અન્ય રાજયમાં કેસ હાલમાં વધી રહ્યા છે. જ્યાંથી મુસાફરો અમદાવાદમાં રેલવે અને એસ ટી તેમજ હવાઈ માર્ગે શહેરમાં પ્રવેશી શકે છે. પણ આવા કોઈ સ્થળે હાલમાં ટેસ્ટિંગની વ્યવસ્થા નથી, જે શહેરને મુશ્કેલીમાં મૂકી શકે છે. ગુજરાતમાં કોઈ પણ સ્ટેશન પર આવી વ્યવસ્થા જોવા મળી નથી. જે પણ રાજ્ય માટે જોખમી સાબિત થઈ શકે છે.

ત્રીજી લહેરની શક્યતાઓ સાથે એએમસીએ તૈયારી શરૂ કરી. જેમાં કેટલી હોસ્પિટલ, બેડ, દવાનો સ્ટોક સહિત વ્યવસ્થા ઉભી કરવા જેવી તમામ બાબતો પર ધ્યાન અપાઈ રહ્યું છે. પણ તેવામાં એએમસીનું આરોગ્ય તંત્ર જ ખુદ ભૂલી ગયુ લાગે છે કે અન્ય રાજ્ય કે જ્યાં કેસ વધી રહ્યા છે ત્યાંથી આવતા મુસાફરોનું ટેસ્ટિંગ થવું જરૂરી છે. આ માટે જ હાલમાં કાલુપુર રેલવે સ્ટેશન અને એસ ટી સ્ટેન્ડ પર ટેસ્ટિંગની કોઈ વ્યવસ્થા જોવા મળતી નથી. જે કોરોનાને ખુલ્લું આમંત્રણ આપી શકે છે.એટલું જ નહી પણ તેની સામે જે કોવિડ ગાઈડ લાઈન એટલે કે માસ્ક અને સોસીયલ ડિસ્ટન્સ ફરજિયાત જાળવવાનું છે,તેનો પણ અભાવ જોવા મળ્યો જે શહેરમાં ત્રીજી લહેર જલ્દી નોતરી શકે છે. તો સાથે જ લોકો વેક્સિન લીધા બાદ પોતાને સુરક્ષિત માની ગાઈડલાઈનનું અનુસરણ નહિ કરતા હોવાનું પણ જણાઈ રહ્યું છે. કેમ કે દરેક મુસાફરોને ખબર છે કે માસ્ક પહેરવું ફરજીયાત છે જોકે તેમ છતાં મુસાફરો જાણી ને અજાણ બનતા જોવા મળ્યા હતા.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૫ પદ્ય રચનાઓ

વિષય : અનરાધાર - મુશળધાર, ફોરા,છાંટા,કરાં,મેઘ , બારેમેઘ ખાંગા, પાણીમેહ - હેલી,મેહુલિયો,વરસાદ" વિષયક રચનાઓ.(તા.૦૫-૮-૨૦૨૧) દિવસ - ૩ (ત્રીજો દિવસ)

Jan fariyad & News of Gandhinagar daily
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
website : www.janfariyadnews.com
What's up calling No : 9824653073
Email : prdpraval42@gmail.com
Email : prdpraval@yahoo.co.uk
YouTube : janfariyadnews
News portal : janfariyadnews
Twitter : @prdpraval

-----------------------------------------------

NOG SS No : 0079
વિષય : ચોમાસાની ઋતુ
શીર્ષક : પલળું
પ્રકાર : પદ્ય

આવ પલાળ આ ખુલ્લા મેદાનમાં
આમંત્રણ મોકલ્યું રહું ન ભાનમાં
દિલની ધડકનની ધક ધક સુણવા
થોડું પલળું થોડું માણું તારી સંગમાં
બાળપણમાં ઘણીવાર પલળીતી
જુવાનીમાં સાથી સંગે ભિંજાણીતી
આજે થયું ચાલ મનવા મહાલવા
આવ પલાળ આ ખુલ્લા મેદાનમાં
પેલા ગુલાબના છોડને વાયુ લહેરાવે
અંહી મોગરો જો મસ્તીમાં લહેરાયે
વર્ષાની રમઝટમાં મસ્તી કરીએ
આવ પલાળ આ ખુલ્લા મેદાનમાં
ઉગતા સૂરજને સંગે નિહાળીએ
ધોધમાર વરસે મન મૂકી નાચીએ
છત્રીને ડાબે જમણે લહેરાવીએ
આવ પલાળ આ ખુલ્લા મેદાનમાં
કુદરતની મહેર સાથી ગમતો મળે
તેની સંગે પલળી હાથ ઝાલીએ
ક્યારે તારી મહેર રૂઠે ના જાણીએ
આવ પલાળ આ ખુલ્લા મેદાનમાં..

પ્રવિણા કડકિઆ

-----------------------------------------------

NOG SS NO /0026
વિભાગ - પદ્ય (એક રચના)
વિષય - વરસાદ
શીર્ષક - ભીંજવી જાજે.

અનરાધાર ને, ફોરાં બની તું ભીંજવી જાજે.
કાં' તો પછી રાખીને કોરી ચીડવી જાજે.
અનરાધાર નૈ, ફોરાં બની તું ભીંજવી જાજે.
હો પ્રેમ તો વરસાવને તું પ્રીતની હેલી!
કેવી રીતે આ જામ ઋતુનો દઉં ઠેલી?
વરસાદી બની વાદળી ને નિતરી જાજે,
અનરાધાર ને ફોરાં બની તું ભીંજવી જાજે.
મેં ક્યાં કહ્યું કે આવ મુશળધાર વરસતો,
છાંટા, કરાં, ટીપાં બનીને આવ અમસ્તો,
તન - મન ઉપર મેઘો બની તું વિસ્તરી જાજે.
અનરાધાર ને ફોરાં બની તું ભીંજવી જાજે.

અંજના ગાંધી "મૌનુ",વડોદરા

-----------------------------------------------

NOG SS NO 0015
વિભાગઃ-પદ્ય
વિષયઃ-વરસાદ
પ્રકારઃ- ગીત
શીર્ષકઃ-અનરાધાર મેહુલો

કાળી રે ચડી હા કાળી રે ચડી,
આકાશે વાદળી કાળી રે ચડી.
ચમકી રે વીજ હા ચમકી રે વીજ,
વાદળ વચાળે પછી ચમકી રે વીજ.
વાયો રે વા હા વાયો રે વા,
ભીની સુવાસનો વાયો રે વા.
ગાજ્યો રે મેઘ હા ગાજ્યો રે મેઘ,
અષાઢી સાંજનો ગાજ્યો રે મેઘ.
ઘેલા રે થયા હા ઘેલા રે થયા,
ટહુકી ટહુકીને મોર ઘેલા રે થયા.
અણસાર રે થયો હા અણસાર રે થયો,
મેહુલાના આવવાનો અણસાર રે થયો.
વરસી રે પડ્યો હા વરસી રે પડ્યો,
અનરાધાર મેહુલો વરસી રે પડ્યો.
રાજી રે થયો હા રાજી રે થયો,
જગતનો તાત જોને રાજી રે થયો.

મેહુલ ત્રિવેદી,
(ઘાયલ મેઘ),ખેરાળી

-----------------------------------------------

NOG SS No : 0104
પ્રકાર : ગઝલ
શીર્ષક : વાત કરીએ

વર્ષાની વાત કરીએ, વાદળની વાત કરીએ
ભૂતકાળને સ્મરીને, પાછળની વાત કરીએ
બિન્દી કપાળ પરની,હોઠો ઉપરની લાલી
કામણભર્યા નયનનાં કાજળની વાત કરીએ
જેનાં વડે બધાયે, પૂષ્પો લચ્યા હતા એ
ખામોશ ઉપવનોના,ઝાંકળની વાત કરીએ
જ્યાં આપણાં પ્રણયનો, ઉલ્લેખ છે હજીયે
અકબંધ પત્રના એ, કાગળની વાત કરીએ
સંબંધને ખરેખર, મજબૂત જે કરે છે
તોડી શકે નહીં એ, સાંકળની વાત કરીએ

દિપાલી લીમકર "દીપ",અબુધાબી

NOG SS NO:004
વિષયઃ અનરાધાર - મુશળધાર,, ફોરા. કરાં.છાંટા..પાણીમેહ - હેલી,મેહુલો,મેઘ..વરસાદી
વિષય શીર્ષક-બારે મેઘ ખાંગા

વિનવણી મારી મેઘને મન વર્ષામાં ભીંજાયું
જોને તે ખારા આંસુને મીઠા બનાવી ગયું
આજુ બાજુ જોઈ રહી રહેલા એ બિંદુ દેખ્યું
ભૂલી હું અનરાધાર વરસાદના નેવા નીચે છું,
દૂર વાદળ ગરજ્યા મારું અંગ શીતળતાથી કંપ્યુ
ત્યા સ્પર્શ તારો તે જ ઘડીએ ઊષ્ણબની સ્પર્શ્યો
ના ના ખાંગા મેઘ તું ન રીસાતો મહીં તુજ હતો
તોજ આ ઉષ્ણ વહાલ આજે વહાલપ થી મળ્યું.
જામ્યો તો તું એવો છે..
હઠીલાપણું તારું કેવું છે?
ક્યારેક ફરફર પડે,
તો ક્યારેક છાંટા ઉડાડે,
ફોરા પડતાં પલડી દોડે
કરા તો ઠંડક કરી છોડે
સૂરજદાદાને કરી તે સજા,
તપતી ધરતીને ટાઢક...
વાંક શું બિચારા..
નદી નાળા ને દરિયાનો?
ઊભરાવી દીધાં ને.. પછેડીવા જેવો તું પડે,
નેવાધાર પડે તબલા વગાડે,
મોલમેહ પડે ખેડૂ રાજીનાં રેડ,
અનરાધાર પડે ને ડૂબાડે,
ખેર કરી માનવની..? આમાં ,તે શું કરે છત્રી ને
તાડપત્રી ને રેઈનકોટ?
પણ આજ કાં લાગે...
આભ પણ રૂએ છે..?
કારણ વરસાદ તું...
માઝા મૂકે છે...! મુશળાધાર વરસે દડે,
ઢેફાંભાગ પડી ખેતર રંજાડે,
પાણમેહ થઈ ચહુ કડે જળે,
હેલીએ ચડે ને માનવને સંતાપે,
સાંબેલાધાર તારી હેલી પ્રિય,
મનને પણ ભીંજવે ને મેદ ચડે.
આવા મેઘ તું બારે મેઘે ખાંગા વર્ષે..!
જયશ્રી પટેલ

## એક નવી પહેલ.... વિશિષ્ટ યોગદાન




લક્ષ્મીપુરા(ડાંગરવા) પ્રાથમિક શાળામાં આચાર્યશ્રી અને તાલુકા સદસ્યના સહિયારા પ્રયાસોથી ૩૧/૦૭/૨૦૨૧ ના રસીકરણ કેમ્પમાં સ્થાનિક મહત્તમ મહિલાઓ સાથે ૧૮ વર્ષથી ઉપરના ૧૦૦ લોકોને પ્રથમ ડોઝ આપવામાં આવ્યો.. કટોસણ રોડ PHCની મેડિકલ ટીમને સંપૂર્ણ સહયોગ ગ્રામજનોએ આપી શાંતિપૂર્ણ રીતે કાર્યક્રમને સફળ બનાવ્યો... ૧/૮/૨૦૨૧ ના રોજ શાળા સ્થાપના દિન અને જ્ઞાનશક્તિ દિનની ઉજવણી કરવામાં આવી જેમાં પૂજાબેન દવે અને તાલુકા સદસ્ય ઝેણાજી ઠાકોર તરફથી ચોપડા-પેન્સિલ-રબ્બર-સંચો-ફૂટપટ્ટી- બોલપેન ની શૈક્ષણિક કીટ અને ચોકલેટનું વિતરણ કરવામાંઆવ્યું....

## અમદાવાદ સિવિલ હોસ્પિટલ દ્વારા ચોમાસા પૂર્વે અને ચોમાસા દરમિયાન કરવામાં આવતી કામગીરી



અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં આવતા દર્દી અને દર્દીના સગાઓને આરોગ્યપ્રદ વાતાવરણ મળી અને વાહકજન્ય રોગો માથુ ન ઉચકે તે માટે સમયાંતરે વિવિધ કામગીરી હાથ ધરવામાં આવે છે. ચોમાસાની ઋતુ દરમિયાન મચ્છરજન્ય અને પાણીજન્ય રોગોના ઉપદ્રવને અટકાવવા માટે સિવિલ હોસ્પિટલ દ્વારા સધન આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

વરસાદી ઋતુમાં ડેનગ્યુ, મેલેરિયા અને ચીકનગુનિયા જેવા રોગોનું પ્રમાણ વધે નહીં અને હોસ્પિટલમાં આવતા દર્દીઓ અને તેમના સગાઓને આરોગ્યપ્રદ વાતાવરણ મળી રહે તે માટે સિવિલ સુપ્રીનડેન્ટ દ્વારા સુચારૂ વ્યવસ્થા હાથ ધરવામાં આવી છે.

સિવિલ હોસ્પિટલના સેનટરી ઈન્સ્પેક્ટર શ્રી જૈમિન બારોટ આ વિશે વિગતે જણાવે છે કે, અમારા વિભાગ દ્વારા હંગામી મચ્છર ઈત્પતિ થતા સ્થળો તેમજ કાયમી મચ્છર ઉત્પતિ થતા સ્થળોની સૌ પ્રથમ મોજણી કરવામાં આવે છે.

જ્યાં જ્યાં વધતા ઓછા પ્રમાણમાં ભરાઈ રહેલ પાણીનો ત્વરીત નિકાલ કરવામાં માટે હંગામી ગટરો બનાવી પણી બહાર કાઢવું અથવા ખાડા ભરી દેવાની કામગીરી હાથ ધરવામાં આવે છે. આ દરમિયાન વરસાદી પાણીની પાકી ગટરો સમયાંતરે સાફ કરાવતા રહીએ છીએ જેથી વરસાદી પાણીનો નિકાલ સહેલાઈથી થઈ શકે. હોસ્પિટલ કેમ્પમાં ક્યાંય પણ ખાબોચિયા ભરાયેલ દેખાય ત્યાં સત્વરે કામગીરી હાથ ધરવામાં આવે છે.

હોસ્પિટલ કેમ્પસમાં વરસાદી ઋતુમાં રોગનો ભરળો ન થાય તે માટે નિયમિત વિવિધ સ્થળોએ ફોગીંગની કામગીરી અસરકારક રીતે હાથ ધરવામાં આવે છે. બાંધકામની સાઈટ પર મુકવામાં આવેલ બેરીકેટેડ વિસ્તારમાં મચ્છરની દવા અઠવાડિયામાં બે વાર છંટકાવ કરવામાં આવે છે.

મચ્છર ઉત્પતિ અંગેની તપાસણી થયા બાદ જોવા મળતા મચ્છર ઉત્પતિ સ્થળોએ પોરાનાશક દવાઓથી સારવાર આપી નાબૂદ કરવામાં આવે છે. ભારે વરસાદના કારણે નવા ઉત્પન્ન થતા મચ્છર બ્રીડીંગ સ્થાનોની મોજણી કરીને પોરાનાશક કામગીરી નિયમિત કરવામાં આવે છે.

તમામ વોર્ડ/વિભાગોમાં સૂર્યોદય પહેલા અને સૂર્યાસ્ત પછી નર્સિંગ સ્ટેશન, ડૉક્ટર રૂમ, સ્ટાફ અને જનરલ સેનેટરી બ્લોક(શૌચાલય સહિત)માં કેરોશીન અને સાયપરનેથ્રીન સ્પેસ સ્પ્રેનો નિયમિત છંટકાવ કરવામાં આવે છે. વોર્ડ અને વિભાગમાં મૂકેલ કુલ પર એક દિવસના સમયાંતરે ટેમીફઓસ/કેરોશીનનો છંટકાવ કરવામાં આવે છે. વરસાદી પાણીના લીધે ઉગી નિકળેલ બિન જરૂરી ઝાડી-ઝાંખરા ધાબા પર તેમજ કંપાઉન્ડમાંથી દૂર કરવામાં આવે છે.

સિવિલ હોસ્પિટલ કેમ્પસમાંથી સોલીડ વેસ્ટનો રોજબરોજ નિકાલ કરવામાં આવે છે.હોસ્પિટલની છત પર પણ પાણી ભરાઈ ન રહે તે માટે રેઈન વોટર સ્પાઉટ પાસેનો કચરો સાફ કરાવી દરેક ધાબા પર અઠવાડીયે સાફ-સફાઈ હાથ ધરવામાં આવે છે.

ધાબા પરનો સ્ક્રેપ, ટાયક-ટ્યુબ, કુંડા, જુની મશીનરી/ ઈક્વીપમેન્ટ વગેરેનો નિકાલ કરી ધાબુ ચોખ્ખુ રાખવામાં આવે છે. આ દરિયાન વરસાદી પાણીની પાઈપ તૂટેલી જણાય તો સત્વરે પી.આઈ.યુ. વિભાગને જાણ કરવામાં આવે છે.

ધાબા પર તેમજ કમ્પાઉન્ડમાં સમતલ ન હોય તેવી જગ્યાઓ પર ભરાઈ રહેલ પાણીનો નિકાલ કરાવામાં આવે છે. અને જો આ પાણી નો નિકાલ ન થઈ શકે તેવા સ્થળો પર ભેજવાળી જગ્યાઓ પર કોઈ જગ્યા બાકી ન રહે તે રીતે અઠવાડિયામાં બે વાર પોરાનાશક કામગીરી હાથ ધરવામાં આવે છે.

અમિતસિંહ ચૌહાણ

### અરવલ્લીમાં ભણતરને ભ્રષ્ટાચારનું ગ્રહણ

# ઉચ્ચતર મા.શિક્ષકને હાજર કરવા મંડળે ૫ લાખ માંગ્યાનો ઓડિયો વાયરલ થતા શીક્ષણ વિભાગમાં હડકંપ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જિલ્લામાં હળવા વરસાદ સાથે હવે એક પછી એક લાંચની માંગના ઓડીયોની મેઘ મહેર થઈ રહી હોય તેવું લાગી રહ્યું છે. એક બાજુ બેરોજગારોને નોકરી નથી મળી તો બીજી બાજુ મહેનત કરી ટાટની પરીક્ષા પાસ કરી હાઈસ્કૂલમાં નોકરી પ્રાપ્ત થયા પછી મહીલા શિક્ષીકાને હાજર કરવા ટ્રસ્ટી મંડળે પાંચ લાખની માંગણી કરતા મહીલા શિક્ષીકા રીતસરની હિબકાઈ ગઈ હતી અને આ અંગે ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી હોવાની માહીતી પ્રાપ્ત થઈ છે ત્યારે સ્કૂલના પ્રિન્સીપાલ અને મહિલા શીક્ષક સાથે મંડળે કરેલ રૂપિયાની માંગણીની ઓડિયો કલીપ વાયરલ થતા જીલ્લા શિક્ષણાધીકારીએ મંડળને નોટિસ આપી તપાસનો ધમધમાટ શરુ કર્યો છે

અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના એક ગ્રામ્ય વિસ્તારમાં આવેલી ઉચ્ચતર માધ્યમીક શાળાના મંડળની જોહુકમી અને શીક્ષકને હાજર કરવા પાંચ લાખ રૂપિયા માંગ્યા પછી દોઢ લાખ આપવાનું મંડળે મહીલા શીક્ષક સાથે રકઝકના અંતે નક્કી થયા પછી મહીલા શિક્ષક અને હાઈસ્કૂલના પ્રિન્સીપાલ વચ્ચે થયેલી ૧૫ મિનીટ્સના ઓડિયોએ ખળભળાટ મચાવ્યો છે

કથિત ઑડિયો એક વાઈરલ થયો છે, જેમાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષિકા તરીકે ઉમેદવારની પસંદગી અરવલ્લી જિલ્લાની એક શાળામાં થઈ છે, જોકે આ શિક્ષિકાને મહેનત એડે જતી હોય તેવું વાઈરલ થયેલા ઑડિયો પરથી સ્પષ્ટ લાગી રહ્યું છે. પ્રાપ્ત માહિતી મુજબ શિક્ષિકાએ ટાટની પરીક્ષા પાસ કર્યા પછી ઉચ્ચતર માધ્યમિક શિક્ષક માટે અરજી કરી હતી અને નું તેનું મેરિટમાં નામ આવતા અરવલ્લી જિલ્લાની એક શાળામાં પસંદગી થઈ ગતી, જોકે શિક્ષિકા પાસે સંચાલકોએ પાંચ લાખ રૂપિયાની માંગ કરી હોવાનો ઑડિયોની વાતચીતમાં સ્પષ્ટ થયું છે. આખરે મામલો દોઢ લાખ આપવા માટે નવનિયુક્ત શિક્ષિકાને જણાવવામાં આવે છે, પણ શિક્ષિકાની વેદનાએ સમગ્ર અરવલ્લી જિલ્લા શિક્ષણ વિભાગે હચમચાવી દીધું છે. શિક્ષિકા કહે છે, કે, સાહેબ હું આટલા પૈસા ક્યાંથી લાવું, સરકારી નોકરી લેવા માટે પરિક્ષા પાસ કરી મેરિટમાં આવી તો પૈસા આપવા અશક્ય છે.

સરકાર ભરતી પ્રક્રિયા પારદર્શી બનાવવા માટે અથાગ પ્રયાસો કરે છે પણ આવા ભ્રષ્ટ કર્મચારીઓ અને અધિકારીઓ સરકારની પારદર્શી કામગીરી પર પાણી ફેરવી દેતા હોય તેવું લાગી રહ્યું છે. લાખો રૂપિયાનો પગાર મળતો હોવા છતાં ગરીબ ઉમેદવારોના પાસેથી થોડીક રકમ મેળવવા માટે આઘાપાછા થતાં હોય છે અને ભ્રષ્ટાચારની ખીણ ઊંડી થતી જાય છે. અરવલ્લી જિલ્લામાં વાઈરલ થયેલા ઑડિયોથી સમગ્ર પંથકમાં વ્યવહાર શબ્દને લાંચન લાગ્યું હોય તેવું. લાગી રહ્યું છે.

વાત આટલે જ નથી અટકતી, વાઈરલ થયેલા ઑડિયોમાં છેક ઉપર સુધી વ્યવહાર કરવો પડતો હોવાનું આડકતરી રીતે વાતચીત થઈ છે, જોકે આવા લાંચના વ્યવહારો કેચલે સુધી પહોંચે છે અને શિક્ષણ વિભાગમાં કોણ કોણ સંડોવાયેલું છે તે તપાસનો વિષય છે.

અરવલ્લી જીલ્લા શિક્ષણાધીકારી ગાયત્રીબેન પટેલે કથીત ઓડિયો અંગે જણાવ્યું હતું કે ઉચ્ચતર માધ્યમિક શાળામાં મહીલા શિક્ષીકા પાસેથી મંડળે ૫ લાખ રૂપિયા માંગ્યા હોવાનો ઓડિયો અંગે અમને જાણકારી મળતા મંડળને નોટિસ આપી છે અને મંડળ કસુવાર ઠરશે તો હાઈસ્કૂલનો વહીવટ જીલ્લા શીક્ષણ વિભાગ હસ્તક કરવામાં આવશે તેમ ભાર પૂર્વક જણાવ્યું હતું તેમજ આ ઓડિયો કલીપમાં વહીવટની વાત કરે છે તેને અમારી કચેરી સાથે કોઈ લેવા દેવા નથી કારણ આની ભરતી અને નિમણુક રાજય સરકાર કરતી હોય છે




આજ રોજઅમદાવાદઃ ખોખરા સર્કલ ખાતે મણીનગર વિધાનસભા ના ખોખરા વોર્ડ માં આવેલ સરકારી કોલેજ કે. કા. શાસ્ત્રી નું ખાનગીકરણ થતું અટકાવવા માટે સૌ જાગૃત નાગરિકો સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું.

## મોડાસાના જીવણપુર ખાતે સહકાર મંત્રીશ્રીની અધ્યક્ષતામાં "કિસાન સન્માન દિવસ"નો કાર્યક્રમ યોજાશે

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

રાજ્ય સરકારના સુશાસનના પાંચ વર્ષના યશસ્વી કાર્યકાળ દરમિયાન સમગ્ર રાજ્યમાં કચ્છ જીલ્લા ખાતેથી "મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં "કિસાન સન્માન દિવસ" નો કાર્યક્રમ યોજાશે. જે અંતર્ગત અરવલ્લીના મોડાસા તાલુકાના જીવણપુર ખાતે આજરોજ ૫મી ઓગસ્ટના દિવસે સહકાર, રમત-ગમત યુવા તથા સાંસ્કૃતિક પ્રવૃતિઓ અને વાહન વ્યવહારના રાજ્ય કક્ષાના મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલની અધ્યક્ષતામાં "કિસાન સન્માન દિવસ" નો કાર્યક્રમ યોજાશે. જેમાં મારૂતિ નંદન કોલ્ડ સ્ટોરેઝ જીવણપુર ખાતે "કિસાન સન્માન દિવસ" નિમિત્તે ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ દ્વારા ૬૬ કે.વી. નાની ઈસરોલ સબ સ્ટેશનનો કિસાન સૂર્યોદય યોજનામાં સમાવેશ થતાં ખેતીવાડી વીજ ગ્રાહકોને દિવસે વીજળી પૂરી પાડવામાં આવશે. જેમાં અરવલ્લીના ભિલોડા તથા મોડાસા તાલુકાના ૧૬૧૯ ગ્રાહકોને વીજળી અપાશે. આ પ્રસંગે જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીના, જીલ્લા વિકાસ અધિકારીશ્રી શ્વેતા તેવટિયા, જીલ્લા અધિક નિવાસી કલેકટરશ્રી પ્રદીપસિંહ રાઠોડ, યુ.જી.વી.સી.એલ.ના અધિકારીશ્રી તથા અધિકારીશ્રીઓ ઉપસ્થિતિ રહેશે.

## દશક્રોઈ તાલુકાના કણભા ખાતે વિનામૂલ્યે અનાજ વિતરણનો કાર્યક્રમ યોજાયો.

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ સમાવિષ્ટ તમામ લાભાર્થીઓને વ્યક્તિ દીઠ ૩.૫ કિલો ગ્રામ ઘઉં અને ૧.૫ કિ.ગ્રા ચોખાનું રાશનની થેલીમાં લાભાર્થીઓને ૧૫ કિ.ગ્રા અનાજ વિતરણ વિના મૂલ્ય વિતરણ કરવામાં આવ્યું. ×સૌને માટે અન્ન- સૌને પોષણ× આપવાનો પ્રધાનમંત્રીશ્રીનો સંકલ્પ છે. છેવાડાના માનવી અને ગરીબ કોઈપણ વ્યક્તિ ભૂખ્યા ન રહે એવી દ્રઢ ઈચ્છાશક્તિથી કાર્યરત પ્રધાનમંત્રી શ્રી અને રાજય સરકાર તેમની સતત ચિંતા કરી રહી છે.

રાજય સરકાર તમામ નાગરિકોને પુરતું અને સમયસર અન્ન મળી રહે તે માટે કટિબધ્ધ છે. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ નોંધાયેલા લાભાર્થીઓને તેમની પાત્રતા મુજબ અન્ન સલામતી માટે રાહત દરે ધઉં અને ચોખાનું દર માસે વિતરણ કરવામાં આવે છે. રાજયના નાગરિકોને અન્ન સલામતી અને પોષણ સલામતી પુરી પાડવાસુદ્રઢ વ્યવસ્થા સાથે રાજય સરકાર હરહંમેશ પ્રયત્નશીલ છે."સર્વને અન્ન, સર્વને પોષણ" અંતર્ગત દશક્રોઈ તાલુકાના કણભા,ગતરાડ,વાંચ,કુજાડ, બાકરોલ,અને બીબીપુર ગામના અનેક લોકોનેઅન્ન વિતરણ કીટ આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી વર્ચ્યુઅલ ઉપસ્થિત રહ્યા હતા અને માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું. કોરોનાનાં કપરાકાળ લોકડાઉનમાં રાજ્યનાં ૮૦ ટકા નાગરિકોને વિના મૂલ્યે અનાજ આપવાનો નિર્ણય લઈ રાજ્ય સરકાર અંત્યોદય પરિવારોની પડખે અડિખમ ઉભી રહી છે. આ પ્રસંગે અમદાવાદ જીલ્લા પંચાયત ઉપપ્રમુખશ્રી, તાલુકા પંચાયત સદસ્યશ્રીઓ, સરપંચશ્રીઓ, અધિકારીશ્રીઓ અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

- મનીષા પ્રધાન

# માણાવદરના બાટવા ગામે જાહનવી સ્કૂલ ખાતે ૭૨મો તાલુકા કક્ષાનો વનમહોત્સવ યોજાઈ ગયો



પર્યાવરણ જાળવણી માટે માનવજીવન માટે વૃક્ષો અગત્યનું યોગદાન આપી રહ્યા છે વધારે વૃક્ષો વાવવાની સરકારની નેમ સાકાર થઈ રહી છે સરકારના કાર્યક્રમોમાં લોકો ઉત્સાહ સાથે ભાગ લઈ રહ્યા છે વૃક્ષો એ જ માનવ જીવનને તંદુરસ્ત રાખતું મહત્વનું પરિબળ છે. જેના અનુસંધાને માણાવદર તાલુકાના વિકાસશીલ શહેર તરીકે ખ્યાત થયેલ બાટવા શહેરમાં જાહનવી સ્કૂલ ખાતે તાલુકા લેવલનો ૭૨ મો વન મહોત્સવ ઉજવાઈ ગયો. મહાનુભાવો દ્વારા વૃક્ષ રથને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું આ કાર્યક્રમનું દિપ પ્રગટાવી મહાનુભવો એ વૃક્ષોની મહત્તા સમજાવી હતી. આ સમારંભના અધ્યક્ષ સ્થાને માણાવદરના મામલતદાર રહ્યા હતા આ કાર્યક્રમ સમારંભમાં માણાવદર તાલુકા વિકાસ અધિકારી, બાટવા પોલીસ સ્ટેશનના પીએસઆઈ પ્રીતિબા ઝાલા, બાટવા નગરપાલિકાના ચીફ ઓફિસર વાઘેલા, માણાવદર પશુ દવાખાના ડોક્ટર ફળદુ, બાટવા જીઈબીના કાતરીયા, બાટવા આરોગ્ય કેન્દ્રના રાજશીભાઈ બોરખતરીયા, ડો સુરેજા, માણાવદર તાલુકા પંચાયતના પ્રમુખ નિરવભાઈ પાનસરા, બાટવા નગરપાલિકાના પ્રમુખ ટીનાબેન જેઠવાણી, બાટવાના ગણપતભાઈ મોરી, ધીરુભાઈ કણસાગરા, જીવાભાઈ કોડીયાતર, સુનિલભાઈ જેઠવાણી, ભાયાભાઈ પરમાર, વજસીભાઈ પિઠીયા, ગોપાલભાઈ જોગલ વગેરે હાજર રહી વૃક્ષોની મહત્તા બતાવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા રેન્જ ફોરેસ્ટ ઓફિસર ચાવડા, બી.જે.ડોડીયા ફોરેસ્ટર, રિધ્ધીબેન બેરા ફોરેસ્ટર, એ.બી.રાઠોડ ફોરેસ્ટર, કે. એમ.રાઠોડ ફોરેસ્ટર બાટવા વગેરેએ આ કાર્યક્રમને સફળતા અપાવી હતી

તસવીર અહેવાલ - જીગ્નેશ પટેલ માણાવદર

### થરા નગરપાલિકા હોલમાં

# પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ય યોજના હેઠળ વિનામૂલ્યે અનાજ વિતરણ કાર્યક્રમ યોજાયો



કાંકરેજ તાલુકાના વેપારી મથક થરા નગરપાલિકા હોલમાં પ્રધાનમંત્રી કલ્યાણ અન્ન યોજના અંતર્ગત વિનામૂલ્યે અનાજ વિતરણ અને લાભાર્થીઓ સાથે સીધા સંવાદ કાર્યક્રમ કાંકરેજ ધારાસભ્ય કિર્તીસિંહ વાઘેલા કાંકરેજ મામલતદાર ની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો ગુજરાત સરકારના પાંચ વર્ષના સુશાસન નિમિત્તે યોજાયેલા આ કાર્યક્રમમાં આજે ગુજરાતમાં ૧૭૦૦૦ જેટલા કેન્દ્રો ઉપરથી ૩કરોડ ૫૦ લાખ લાભાર્થીઓને સીધો જ લાભ આપવામાં આવ્યો હતો આ પ્રસંગે ધારાસભ્ય એ જણાવેલ કે સરકાર દ્વારા ૨૮૪૦૦૦ કરોડ ની સહાય ચુકવવામાં આવે છે દિવાળી પહેલા કોરોના ના કારણે ૮૦ હજાર કરોડની સસ્તા અનાજની દુકાનો એ વિના મૂલ્ય વિતરણ કરવામાં આવ્યું હતું કાંકરેજ તાલુકામાં ૧૫૮૪ અંત્યોદય કાર્ડધારકો ને ૩૨૨૨૧ લોકો આના લાભાર્થી છે તેમને સહાય આપવામાં આવેલ જ્યારે ૧૪૮૯૩ બીપીએલ પરિવારમાં ૮૧૯૦૮ લોકો લાભાર્થી તરીકે લાભ લીધો હતો જ્યારે આ સાલે એન.એફ.એસ.એ યોજના અંતર્ગત ૫૦ હજાર લાભાર્થીઓને ગુજરાત સરકારે લાભ આપ્યો છે કાર્યક્રમ ના શુભારંભ સ્વાગત ગીતથી કરવામાં આવ્યો હતો ત્યારબાદ મહેમાનોનું સ્વાગત કરવામાં આવે આ કાર્યક્રમમાં ધારાસભ્ય કિર્તીસિંહ વાઘેલા માર્કેટયાર્ડના ચેરમેન અણદાભાઈ પટેલ સુખદેવસિંહ સોઢા હરગોવનભાઈ શિરવાડિયા તાલુકા ભાજપ પ્રમુખ ઈશ્વરભાઈ પટેલ પૃથ્વીરાજસિંહ વાઘેલા થરા નગરપાલિકા કોર્પોરેટર, કિશોર પ્રજાપતિ પૂર્વમહામંત્રી હંસપુરી ગોસ્વામી નગરપાલિકા પ્રમુખ ભારતીબેન ઠક્કર મામલતદાર મંજુલાબેન રાજપૂત પૂરવઠા ના. મા. જગદીશભાઈ પરમાર, ગોદાવરીબેન ત્રિવેદી થરા શહેર પ્રમુખ અનુભા વાઘેલા ફકુભાઈ સાચોરા ડોક્ટર રાજેશભાઈ બ્રહ્મભટ્ટ તેજાજી ઠાકોર શાંતુજી, ધવલભાઈ શાહ ભરતસિંહ વાઘેલા રાયમલભાઈ પટેલ રસિકભાઈ પ્રજાપતી, કાર્યક્રમ નું આયોજન સરકાર માન્ય વ્યાજબી ભાવની દુકાનના સંચાલકો દ્વારા કરવામાં આવ્યું હતું દુકાનદાર કાળુજી નાનુજી ઠાકોર થરા-૨, જીતેન્દ્ર કુમાર સોમાલલ ત્રિવેદી થરા-૧, રઘુભાઈ મકવાણા થરા-૭, નાગરભાઈ ખોડાભાઈ બુકોલિય થરા-૬, એ.ટી મકવાણા થરા-૪/૫., પીસી. શાહ થરા-૩, સહિત કાંકરેજ તાલુકાના વ્યાજબી ભાવની દુકાનના સંચાલકો હાજર રહેલ નગરપાલિકા સ્ટાફ તેમજ મોટી સંખ્યામાં લાભાર્થી બહેનો હાજર રહ્યાં હતાં..

(રિપોર્ટર:- કનુજી ઠાકોર બનાસકાંઠા)

# ઈડર તાલુકાના વસાઈ ગામની સીમમાં સતત ત્રીજા દિવસે ચાર ચંદન ચોરી




વસાઈ ગામની સીમમાં મોટા પ્રમાણમાં કુદરતી લીલા ચંદનના ઝાડ ખેડૂતો ખેતરમાં આવેલા છે જે પરિપક્વ થયેલા લાખોના ચંદનના લીલા ઝાડ ચંદન ચોરો દ્વારા થડમાંથી કાપી ફરાળ થયા છે

આ વિસ્તારમાં લીલા ચંદનના ઝાડ ખેડૂતોના ખેતરોમાં શેઢાપર કુદરતી સુગંધીદાર મોગા ભાવના ઝાડ છે જે ઝાડની ખેડૂતો દ્વારા સાર સંભાર કરી ઉછેર કરવામાં આવે છે ત્યારે આ વિસ્તારમાં છેલ્લા વિસ વર્ષથી ચંદન ચોરોની બુમરાણ ઉઠવા પામી છે જેના કારણે ખેડૂતોના હાલ બેહાલ થઈ રહ્યા છે

ચંદન ચોરો દ્વારા કોરોડોના ચંદનની આ વિસ્તારમાંથી તસ્કરી કરવામાં આવી છે ત્યારે ગત બે દિવસ અગાઉ વસાઈ ગામની સીમમાંથી ખેડૂતના શેઢા પર પરિપકવ થયલા ત્રીસ વર્ષજુના આશરે ૨૦ ફૂટના જેની આશરે કિંમત બે લાખની ચંદનના લીલા સુગંધીદાર ઝાડની ચોરી કરી ગયા હતા ફરી થી ૨ ઓગસ્ટને સોમવાર ની રાત્રી ના સમય ગારા દરમ્યાન ના કુવા માલિક આશિષભાઈ દેસાઈ ની ખેતર ની સીમ માંથી ત્રણ ચંદન ઝાડ કાપી ને તેનો નાના ટુકડા કરી ને ચોરી ગયા હતા ત્યારે બાજુ મા આવેલ ખેતર માલિક મુકેશભાઈ ભીખાભાઈ દેસાઈ ના ખેતર માંથી એક ચંદન ઝાડ કાપ્યું હતુંવસાઈ સરપંચ એ જણાવ્યું હતું વસાઈ ગામમાં બે દિવસ મા ૬જેટલાં ચંદન ઝાડ કાપી ને ચોરી થયા ગયા અગાઉ પણ ગણા ચંદન ઝાડ કાપી ને ચોરી થઈ ગયા છે તંત્ર દ્વારા જો કોઈ ઠોસ કાર્યવાહી કરવામાં આવે તો વસાઈ ગામની સીમ માંથી ચંદન ઝાડ ચોરાતા ચોર લોકો ને પકડી શકાય તેમ છે ઈડર પોલીસે વસાઈ ગામ ની સીમ મા તપાસ કરી હતી જેમાં માસ્ક અને કપડું તેમજ એક રૂમાલ મળ્યો હતો જેમાં હમ નહિ સુધરે ગે લખેલુ હતું પોલીસે તપાસ કરી ને વધુ ની કાર્યવાહી હાથ ધરી હતી.

માલજીદેસાઈ સાબરકાંઠા

## કોરોનાના કપરાકાળમાં રાજ્યની સરકાર પ્રજાની સેવામાં હર હંમેશ કાર્યરત રહી છે - મહેસુલ મંત્રીશ્રી કૌશિક પટેલ

# મોડાસાના ભામાશા હોલ ખાતે મહેસુલ મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનો કાર્યક્રમ યોજાયો



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

રાજ્ય સરકારના સુશાસસનના પાંચ વર્ષ નિમિતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. જે અંતર્ગત મંગળવારના રોજ ૩જી ઓગસ્ટે સમગ્ર ગુજરાતમાં "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" કાર્યક્રમ યોજાયો હતો . જેમાં દિલ્લી ખાતેથી વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીની વર્ચ્યુઅલ અધ્યક્ષતામાં વિના મુલ્યે અનાજ વિતરણ અને લાભાર્થીઓ સાથે સીધો સંવાદ કાર્યક્રમ યોજાયો.

રાજ્ય સરકાર દ્વારા ૧ લી એપ્રિલ ૨૦૧૬ થી સમગ્ર રાજ્યમ "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩"નું અમલીકરણ કરેલ છે. આ કાયદા હેઠળ બે પ્રકારના લાભાર્થીઓને લાભ મળતો થયો છે. જે અંતર્ગત આ નિમિત્તે અરવલ્લીના જીલ્લાના મોડાસાના ભામાશા હોલ ખાતે "અન્ન વિતરણનો કાર્યક્રમ મહેસુલ મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં અરવલ્લી પુરવઠા વિભાગ દ્વારા ૩૯૬ વ્યાજબી ભાવની દુકાનો પર ૨૫ લાભાર્થીઓને "પ્રધાનમંત્રી અન્ન સુરક્ષા યોજના હેઠળ" અનાજનું વિતરણનું આયોજન કરાયું હતું. જેમાં અરવલ્લી જીલ્લાના ૧,૫૬,૦૦૦ દ્દહ્ણજીછ રેશનકાર્ડ કુટુંબોને "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" અંતર્ગત ૫ કિલો નિઃશુલ્ક અનાજનું વિતરણ કરાયું હતું.

અરવલ્લી જીલ્લામાં હાલમાં "અગ્રતા ધરાવતા કુટુંબો" ના સભ્યોને દર માસે વ્યક્તિદીઠ ૩.૫ કિ.ગ્રામ ઘઉં તથા ૧.૫ કિ.ગ્રામ ચોખા મળીને કુલ ૫ કિ.ગ્રામ અનાજ જેમાં ઘઉં પ્રતિ કીલો રું.૨/- તથા ચોખા પ્રતિ કિલો રૂ.૩/- નાં ભાવે આપવામાં આવે છે.

આ પ્રસંગે મહેસુલ મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલે જણાવ્યું કે, સરકાર કોરોનાના કપરાકાળમાં રાજ્યની આ સરકાર ગુજરાતની પ્રજા માટે હર હંમેશ સેવારત રહી છે. સરકાર દ્વારા પ્રજાલક્ષી અનેકવિધ સારા નિર્ણયો લેવાયા છે. કોરોનાના કપરા કાળમાં વડાપ્રધાનશ્રી દ્વારા મફતમાં અનાજ આપવની જાહેરાત કરાઈ હતી. દેશની ૮૦ કરોડ જનતાને અનાજ પૂરું પડાયું હતું. રાજ્ય સરકાર દ્વારા પણ અનાજ વિતરણ કરાયું હતુ. રાજ્ય સરાકારના બધા જ વિભાગો દ્વારા પ્રજા માટે રોજ નવા કાર્યો કરાય છે. સરકારનું શિક્ષણ ખાતું એ પહેલા કેળવણી વિભાગ તરીકે ઓળખાતુ હતુ. સરકાર દ્વારા ૧ લી થી ૯ મી ઓગસ્ટ સુધી પ્રજાલક્ષી માટે કરેલ કાર્યો તથા તેમના હિત માટે લેવાયેલ નિર્ણયોની ચર્ચાને ઉદ્દેશીને આ કાર્યક્રમોનું આયોજન હાથ ધરાયું છે. સરકારે ચાર આધાર લઈને ચાલે છે. પ્રજા માટે હર હમેશ સરકાર ખડે પગે રહી છે.

તેમણે વધુ ઉમેરતા જણાવ્યું કે, પ્રજાને પહેલાના સમયમાં અંધારામાં ગુજારો કરવો પડતો હતો પરંતુ વર્તમાન સમયમાં જ્યોતિગ્રામ યોજના, કિસાન સૂર્યોદય યોજના હેઠળ ૨૪ કલાક વીજળી મળવાપાત્ર થઈ છે. આ સરકાની એક સંવેદના છે. દુષ્કાળ સમયે, આપત્તિ સમયે, અનાવૃષ્ટિ સમયે, તીડ આવે, જમીન ધોવાણ થાય કે અન્ય કોઈ પણ મુશ્કેલી પડે તો પ્રજાના પડખે સરકાર સતત ઉભી રહી છે. લોકોને પોતાના અન્ય કામો માટે કલેકટર કચેરીએ જવું ન પડે તે સારું થઈ ને ઓનલાઈન દ્વારા બધા જ કામો ઘર બેઠા થઈ જાય તેવી ટેકનોલોજીઓ વિકસાવી. દેશમાં બીજા ઘણા રાજ્યો આવી સુવિધાઓથી હજુ સુધી વંચિત રહ્યા છે. આવનારા સમયમાં ૧૦૦ થી વધારે સુવિધાઓ ગામ માંથી જ પ્રાપ્ત થાય તેવા સરકાર પ્રયત્નો કરી રહી છે. કોરોનાની ત્રીજી લહેરની સામે સતર્ક રહેવું. તથા તેનાથી ડરવાની કે ગભરાવાની જરૂર નથી. માસ્ક પહેરી રાખવું તથા સોશિયલ ડિસ્ટન્સ જાળવવા અપીલ કરી હતી.

આ સાથે અરવલ્લી પ્રવાસ દરમિયાન મહેસુલ મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલે ધનસુરા તાલુકાના ખડોલ ખાતે આવેલ સોલાર પ્લાન્ટની મુલાકાત લીધી હતી. આ પ્લાન્ટ આશરે રૂ. ૬૦૦ કરોડના ખર્ચે બનેલ છે. ૨૫૦ એકરમાં ફેલાયેલ છે. ૪૫ મેગા વોલ્ટની કેપીસીટી ધરાવે છે. સોલાર પ્લાન્ટથી પાવર જનરેટ થાય છે. યુ.જી.વી.સી.એલ ને વીજળી ટ્રાન્સફર કરે છે. જે આસપાસના લોકોને લાભ મળતો થશે.

આ પ્રસંગે જીલ્લા અગ્રણીશ્રી રાજેન્દ્ર પટેલ તથા જીલ્લા કલેક્ટરશ્રી નરેન્દ્રકુમાર મીના અને જીલ્લા પ્રભારીશ્રી જોગણીયાએ પ્રાસંગિક ઉદ્દબોદન કર્યુ હતું.

આ પ્રસંગે જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીના, જીલ્લા વિકાસ અધિકારીશ્રી શ્વેતા તેવટિયા , જીલ્લા અધિક નિવાસી કલેકટરશ્રી પ્રદીપસિંહ રાઠોડ, જીલ્લા પ્રભારી જોગણીયા, જીલ્લા પ્રભારી શ્રીમતી જયશ્રીબેન, મોડાસા પ્રાંત અધિકારીશ્રી મયંક પટેલ, બાયડ પ્રાંત અધિકારીશ્રી વિમલ બારોટ, જીલ્લા પુરવઠા અધિકારી શ્રીમતી ડોડીયા , મામલતદારશ્રી ગઢવી અધિકારીશ્રીઓ તથા લાભાર્થીઓ ઉપસ્થિતિ રહ્યા હતા.

# નારી એ સમાજનું મહત્ત્વનું કેન્દ્ર બિંદુ છે જેનાથી આખી સમાજ વ્યવસ્થા સંકળાયેલી છે- પુર્વ મંત્રી શ્રી આઈ.કે.જાડેજા

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના અનંતરાય કાલે હોલ ખાતે ×નારી ગૌરવ દિવસ× નિમિત્તે મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના હેઠળ કાર્યક્મનું આયોજન કરવામાં આવ્યું હતુ.

પ્રાસંગિક ઉદબોધન કરતા પુર્વ મંત્રી શ્રી આઈ કે. જાડેજાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના સુશાસને પાંચ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે ત્યારે સમગ્ર ગુજરાતમાં નવ દિવસ દરમ્યાન વિવિધ કાર્યક્રમો થઈ રહ્યા છે.

સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની સરકાર હંમેશાથી નારીઓના ઉત્થાન માટેના કાર્યો કરતી આવી છે તેમણે જણાવતા મંત્રી શ્રી એ ઉમેર્યુ કે, નારી કોઈ દિવસ અશક્ત હતી જ નહીં, પરંતુ સમાજ વ્યવસ્થાના પાયામાં રહેલી કોઈ કચાસને કારણે આપણે મહિલાઓને અશક્તની દ્રષ્ટિએ જોતા આવ્યા છીએ, માટે જ ગુજરાત સરકાર દ્વારા મહિલા સશક્તિકરણ માટે વિવિધ પ્રકારની યોજનાઓ બનાવવામાં આવી છે.

સખીમંડળ, સખી વન સ્ટોપ સેન્ટર, વ્હાલી દીકરી યોજના, મિશન મંગલમ, ગંગાસ્વરૂપ વિધવા બહેનો આર્થિક સહાય યોજના-આવી ઘણી બધી યોજનાઓ દ્વારા મહિલાઓ સ્વમાનભેર સ્વાવલંબી બને અને ગુજરાતની પ્રત્યેક મહિલા સુખી અને સમૃદ્ધ બને તે માટે રાજ્ય સરકાર હંમેશા કટિબદ્ધ રહી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે,સમાજના વિકાસનું મહત્વનું અંગ નારી છે, માતૃશક્તિ છે, સમાજનો સાચા અર્થમાં સર્વાંગી વિકાસ ત્યારે જ થઈ શકશે જ્યારે મહિલાઓને પૂરતી સ્વાવલંબતા મળશે, કહેવાય છે કે એક શિક્ષિત દીકરી ૧૦૦ શિક્ષકોની ગરજ સારે છે માટે તેમને ભણાવો સક્ષમ બનાવો અને સમાજના વિકાસમાં પોતાનું યોગદાન આપે તેવી દીકરીઓને તૈયાર કરો..

તેમણે ઉમેર્યું હતું કે,આજે દેશનું એવું કોઈ ક્ષેત્ર નથી જ્યાં મહિલાઓએ પોતાનું સ્થાન મજબૂત ન કર્યું હોય...મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની સરકાર હંમેશાથી નારીના ઉત્થાન માટેના કાર્યો કરતી આવી છે અને કરતી રહેશે.

ધારાસભ્ય શ્રી કિશોરભાઈ ચૌહાણે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર હંમેશાથી મહિલાઓના વિકાસ માટે કાર્યશીલ રહી છે, તેથી જ મહિલાઓને લગતી વિવિધ યોજનાઓ થકી મહિલાઓના હિત અને કલ્યાણ માટે હંમેશા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની સંવેદનશીલ સરકાર કાર્યરત રહે છે. આ પ્રસંગે "મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાઓના" લાભાર્થીઓને એક લાખ રકમના સહાયના ચેક અર્પણ કરાયા હતા.

આ કાર્યક્રમમાં, અમદાવાદ જિલ્લા કલેકટર શ્રી સંદીપ સાગલે, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનિલ ધામેલીયા, ધોળકા નગરપાલિકા પ્રમુખશ્રી કટારાભાઈ, અને વિવિધ પદાધિકારીઓ સહિત લાભાર્થીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

-અંજલી શુક્લ




'બેટી બચાવો બેટી પઢાઓ' અભિયાન અંતર્ગત ગુજરાત રાજ્યના ×નારી ગૌરવ× કાર્યક્રમમાં વલસાડ જિલ્લાના બ્રાન્ડ એમ્બેસેડર અને શ્રેષ્ઠ સમાજસેવિકા તરીકે આજ રોજ વલસાડના ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલના હસ્તે ભાવનાબેન મિસ્ત્રી (અભય )નું ભવ્ય સન્માન.

# અમદાવાદના હાજીપુરા ગાર્ડનમા તૈયાર કરવામાં આવેલી આંગણવાડીનું લોકાર્પણ કરવામાં આવ્યું




નારી ગૌરવ દિવસ નિમિત્તે વનમંત્રીશ્રી ગણપતભાઈ વસાવાએ અમદાવાદના હાજીપુરા ગાર્ડનમા તૈયાર કરવામાં આવેલી આંગણવાડીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા મધ્ય ઝોનના શાહીબાગ વોર્ડમા આઈ.સી.ડી.એસ ઘટક-૧૦ અંતર્ગત ઘોડાગાડીના ડહેલા પાસે, હાજીપુરા વિસ્તારમાં આવેલા જશુમતીબહેન ચીમનલાલ બારોટ ઉદ્યાનમાં આંગણવાડી બનાવવામાં આવી છે. જેનું પ્રજાર્પણ આજ રોજ મંત્રીશ્રીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ વિસ્તારના બાળકો માટે આધુનિક સગવડતાઓથી સજ્જ અને સુવિધા સભર વાતવરણમાં પાયાનું શિક્ષણ મળી રહે તે માટે રાજ્ય સરકાર પ્રતિબધ્ધ છે.

મનીષા પ્રધાન

## અમદાવાદ જીલ્લાના આરોગ્ય વિભાગની ''બાલ કવચ પહેલ''

# ૦ થી ૦૫ વર્ષના અને ૬ થી ૧૮ વર્ષ સુધીના તમામ બાળકોનો સર્વે કરવામાં આવ્યો

કોરોનાની સંભવિત ત્રીજી લહેરની તૈયારીના ભાગરૂપે ગુજરાત રાજ્યમાં સૌ પ્રથમ વખત અમદાવાદ જિલ્લામાં બાળકોને કોવીડ રોગ અને મુત્યુથી બચાવવા માટે ''બાલ કવચ'' પહેલ હાથ ધરવામાં આવી છે.

જેમાં ફેઝ-૧ અને ફેઝ-૨ અંતર્ગત જિલ્લા કલેકટરશ્રી સંદિપ સાગલે અને અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ ૧૧૫૬ આશા,આંગણવાડી તથા આરોગ્યની ટીમ દ્વારા ઘરે ઘરે ફરીને ૦ થી ૫ વર્ષના ૧૫૯૫૭૨ બાળકોનું તથા ૬ થી ૧૮ વર્ષના ૨૫૯૭૧૦ બાળકોનું પ્રાઈમરી સ્ક્રીનીંગ કરવામાં આવ્યું.

બાલ કવચ અંતર્ગત કુલ ૪,૧૯,૨૮૨ બાળકોનો સર્વે કરવામાં આવ્યો. સર્વે દરમ્યાન જન્મ સમયે ઓછુંવજન,અતિ-કુપોષિત,કુપોષિત,કીડની,હૃદય,કેન્સર,થેલેસેમિયા, ટી.બી, એચ.આઈ.વી જેવી ગંભીર બીમારીઓ ધરાવતા ૦ થી ૫ વર્ષના ૧૦૬૮ અને ૬ થી ૧૮ વર્ષના ૬૯૨ એમ કુલ ૧૭૬૦ જોખમી બાળકો શોધી કાઢી આવા તમામ બાળકોની ધનિષ્ઠ આરોગ્ય તપાસ આર.બી.એસ.કે.ની ૨૭ ટીમ દ્વારા કરવામાં આવી અને જોખમી બિમારી ધરાવતા તમામ બાળકોને વધુ તપાસ માટે નિષ્ણાંત તબીબો પાસે રીફર કરવામાં આવ્યા છે અને કુપોષિત બાળકોને આંગણવાડી સેન્ટર ખાતેથી ટેક હોમ રેશન આપી બાળકોનું વજન વધે તે માટે પ્રયત્ન હાથ ધરવામાં આવ્યા છે. તેમજ આરોગ્ય શાખા જિલ્લા પંચાયતના અધિકારીશ્રીઓ દ્વારા તે બાળકોની મુલાકાત કરીનેતેમના માતા-પિતાઓને માર્ગદર્શન આપવામાં આવ્યું છે .

કોરોનાની સંભવિત ત્રીજી લહેર આવશે તો આવા તમામ જોખમી બાળકોને જો કદાચ જરૂર પડે રીવર્સ કોરનટાઈન અર્થે જરૂરી પગલા લેવામાં આવશે કે જેથી બાળકોમાં કોવિડના રોગનું પ્રમાણ અને મુત્યુ ધટાડી શકાય.

અમદાવાદ જીલ્લાના આરોગ્ય વિભાગની સર્વે વાલીઓને અપીલ છે કે સત્વરે પોતાનું કોવિડ રસીકરણ અચુકથી કરાવી લે અને કોવિડ ગાઈડલાઈન મુજબ વારંવાર હાથ ધોવા,સામાજિક અંતર જાળવવું, માસ્ક અવશ્ય પહેરવું જેવી જરૂરી સુચનાઓનનું પાલન જરૂરથી કરે.

- મનીષા પ્રધાન

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.